# જૂનાગઢમાં ૭૭માં સ્વાતંત્ર્ય પર્વની ગરીમામય માહોલમાં ઉત્સાહભેર ઉજવણી

## રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારીતા તથા મહિલા અને બાળ કલ્યાણ વિભાગના કેબિનેટ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરિયાના હસ્તે ધ્વજવંદન કરાયું








**● ઈતિહાસની એરણ ઉપર ચળકતા તારલા જેવા જૂનાગઢ જિલ્લાને વિકાસની નવીનતમ ઊંચાઈ પર લઈ જવા રાજ્ય સરકાર કટિબદ્ધ છેઃ કેબિનેટ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરિયા**

**● મંત્રીશ્રીએ રાષ્ટ્રધ્વજને સલામી આપી, ખુલ્લી જીપમાં પરેડ નિરીક્ષણ સાથે પ્રજાજનોનું અભિવાદન ઝીલ્યું : જૂનાગઢ જીલ્લાના વિકાસ કાર્યો માટે મંત્રીના હસ્તે રૂા.૨૫ લાખનો ચેક અર્પણ કરાયો**

જૂનાગઢ, તા.૧૭

જૂનાગઢમાં જિલ્લા કક્ષાના ૭૭માં સ્વાતંત્ર્ય પર્વની ગરીમામય માહોલમાં ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારીતા તથા મહિલા અને બાળ કલ્યાણ વિભાગના કેબિનેટ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. તેમણે રાષ્ટ્રધ્વજને સલામી આપી,ખુલ્લી જીપમાં પરેડ નિરીક્ષણ કરવાની સાથે પ્રજાજનોનું અભિવાદન ઝીલ્યું હતું. આ સાથે મંત્રીશ્રીએ જૂનાગઢના જિલ્લાના વિકાસ કાર્યો માટે રૂ.૨૫ લાખનો ચેક અર્પણ કર્યો હતો.

જૂનાગઢના બિલખા રોડ ખાતે પોલીસ તાલીમ વિદ્યાલયના ગ્રાઉન્ડ ખાતે કેબિનેટ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાએ ૭૭માં સ્વાતંત્ર્ય પર્વની શુભકામના પાઠવી, દેશ માટે બલિદાન આપનાર નામી અનામી શહીદોને યાદ કરી, પ્રજાજોગ સંદેશ આપતા જણાવ્યું કે,આઝાદી મળ્યાને ૭૫વર્ષ પૂર્ણ થયા છે તેના ભાગરૂપે આઝાદીના અમૃત મહોત્સવની આપણે ગૌરવ સાથે ઉજવણી કરી રહ્યા છે. મેરી માટી, મેરા દેશ અભિયાન અને હર ઘર તિરંગાના રાષ્ટ્ર મંત્ર સાથે દેશ રાષ્ટ્રભક્તિના રંગે રંગાયો છે. ત્યારે તેમણે જૂનાગઢની ધરતી ઉપરથી જિલ્લાના પ્રજાજનોને આ અભિયાનને સફળ બનાવવા માટે અભિનંદન આપ્યા હતા. ૧૫મી ઓગસ્ટનો દિવસ ભારતના સુવર્ણ ઈતિહાસમાં અંકિત થઈ ગયો છે. આ દિવસે ભારતને ૨૦૦ વર્ષના બ્રિટિશ શાસનમાંથી આઝાદી મળી હતી. આ એક કઠિન અને લાંબો સંઘર્ષ હતો. જેમાં ઘણા સ્વાતંત્ર સેનાનીઓ અને મહાપુરુષોએ આપણી વ્હાલી માતૃભૂમિ માટે પોતાના જીવનનું બલિદાન આપ્યું હતું.

જૂનાગઢ જિલ્લો એટલે ભારતીય સંસ્કૃતિનું આધ્યાત્મિક અને ઐતિહાસિક વિરાસતનું કેન્દ્ર છે. સોરઠને આધ્યાત્મિક અને શિક્ષણને ઉંચાઈ ઉપર લઈ જવામાં અનેક વિભૂતિઓનો મહામૂલો ફાળો છે. આઝાદીની ચળવળ વખતે જૂનાગઢના નવાબે આ પ્રદેશને પાકિસ્તાનમાં જોડવાની જાહેરાત કરી ત્યારે સરદાર વલ્લભભાઈ પટેલ અને મહાત્મા ગાંધીએ જૂનાગઢની ચિંતા કરી, શામળદાસ ગાંધી, રતુભાઈ અદાણી અને પુષ્પાબેન મહેતા જેવા આ ભૂમિના કર્મવીરોને જવાબદારી સોંપી અને તેઓએ પણ પ્રજાને જાગૃત કરવાનું એક અભિયાન ઉપાડ્યું હતું. ત્રણ મહિનાની આરજી હકુમતની લડાઈ બાદ આપણું આ જૂનાગઢ ભારતમાં જોડાયું. ઈતિહાસની એરણ ઉપર ચળકતા તારલા જેવા જૂનાગઢ જિલ્લાને વિકાસની નવીનતમ ઊંચાઈ ઉપર લઈ જવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે.

આપણા દેશની ભૂમિ માત્ર માટી નથી, એના કણ કણમાં શૂરવીરતા, સાહસ અને સમર્પણની ગાથા છે. આઝાદી કા અમૃત મહોત્સવની પૂર્ણાહુતિ આપણા દેશમાં વધુ યાદગાર બની રહી છે. તા.૯ ઓગસ્ટથી સમગ્ર દેશમાં મેરી માટી, મેરા દેશ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. આ અભિયાન એ આપણા સ્વતંત્ર સેનાનીઓએ દેશ માટે આપેલા બલિદાનને શ્રદ્ધાંજલિ છે.

પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશીપમાં દેશમાં રેલ સેવાઓ સાંસ્કૃતિક પર્યટન અને તીર્થ સ્થાનોને જોડવાનું મહત્વપૂર્ણ માધ્યમ બની રહ્યું છે. અમૃત ભારત સ્ટેશનની યોજના અન્વયે ગુજરાતના ૨૧ સહિત દેશના ૫૦૮ રેલવે સ્ટેશનોનું પુનઃનિર્માણ થવા જઈ રહ્યું છે. જેમાં આપણા જૂનાગઢ જિલ્લાના કેશોદ રેલવે સ્ટેશનનો પણ સમાવેશ કરાયો છે.

જી-૨૦એ વિશ્વનું એક શક્તિશાળી સંગઠન છે. જી-૨૦ના અધ્યક્ષ પદ હેઠળ અત્યારે ગુજરાતમાં અને ભારતમાં યુવા સમિટ, મહિલા સમિટ અને શહેરી સમિટો યોજાઈ રહી છે. આ સમિટોના કારણે આગામી સમયમાં ગુજરાતમાં ઉદ્યોગ, પ્રવાસન, શહેરી વિકાસ, નારી સશક્તિકરણ શિક્ષણ વગેરેના મહત્વના ક્ષેત્રોમાં લાભ થશે. ગૌરવ અને હર્ષની લાગણી વ્યક્ત કરતા મંત્રી શ્રીમતિ ભાનુભાબેન બાબરીયાએ કહ્યું કે, વર્તમાન સમયમાં ભારતના ડિજિટલ નાણાકીય વ્યવહારોનો વિશ્વના ૮૦ જેટલા દેશોએ સ્વીકાર કર્યો છે. આજે ભારત વિકાસની દોટ માંડી રહ્યું છે અને વિશ્વના પાંચમાં ક્રમનું મજબૂત અર્થતંત્ર બની ગયું છે

આમ રાજ્ય સરકારે મહિલાઓના આરોગ્યની દરકાર કરી છે. મહિલાઓને સુરક્ષિત માતૃત્વ મળે, પૂરક પોષણ આહાર મળે તે માટે ચિરંજીવી યોજના, પ્રધાનમંત્રી સુરક્ષિત માતૃત્વ અભિયાન, ખિલખિલાટ વાન, મમતા સખી, મમતા ઘર, સબલા યોજના, પૂર્ણા યોજનાઓનો લાભ મહિલાઓને આપ્યો છે.

ગુજરાત સરકાર ગરીબો, વંચિતો, પીડિતો અને આદિવાસીઓની સરકાર છે. તેમની પડખે ઉભી રહી છે. તેમના સર્વાંગી વિકાસ કરવા માટે હંમેશાં ચિંતિત રહી છે. સમાજમાં પછાત, વંચિત, ગરીબ, નિરાધાર અને ખાસ જરૂરિયાતવાળા વર્ગના સામાજિક શૈક્ષણિક અને આર્થિક ઉત્કર્ષ માટે વર્ષ ૨૦૨૩-૨૪ના બજેટમાં રૂ.૫૫૮૦.૨૫ કરોડની માતબર રકમની જોગવાઈ કરી છે.

ચાલુ વર્ષે અનુસૂચિત જાતિ માટે જુદી જુદી પ્રીમેટ્રીક તથા પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ હેઠળ રૂ.૮૪.૯૨ કરોડનો ખર્ચ કરી ૧.૮૨ લાખ વિદ્યાર્થીઓને લાભ આપવામાં આવ્યો છે. અનુસૂચિત જાતિ તેમજ વિકસતી જાતિના નાગરિકોને પોતાનું સપનાનું ઘર મળે તેવા આશય સાથે ૫૫૦૦થી વધુ આવા જ બાંધકામ માટે રૂપિયા ૨૫.૧૨ કરોડની સહાય આપવામાં આવી છે.

જૂનાગઢ જિલ્લામાં સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગની કન્યાઓ માટે સાત ફેરા સમૂહલગ્ન યોજના હેઠળ ૧૬૭ કન્યાઓને રૂ.૨૩.૧૩ લાખની સહાય, કુવરબાઈનું મામેરુ યોજના અંતર્ગત ૪૭૨૬ કન્યાઓને રૂ.૫.૫૪ કરોડની સહાય ચૂકવાઈ છે. જ્યારે અનુસૂચિત જાતિના કલ્યાણ માટે કન્યાઓને લગ્ન સહાય માટે ૧૭.૮૨ લાખ સહાય ચૂકવવામાં આવી છે

લોકોનું આરોગ્ય તંદુરસ્ત રહે તે અને કોઈ પણ ગરીબ માણસ પૈસાના અભાવે સારવાર વિહોણા ન રહે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. હાલમાં આયુષ્યમાન ભારત યોજના હેઠળની રૂ.૫ લાખથી વધારીને રૂ.૧૦ લાખ કરી છે.સ્ત્નછરૂ-સ્છ યોજના હેઠળ ૨૫ લાખથી પણ વધુ લાભાર્થીઓને વ્યક્તિગત આયુષ્યમાન કાર્ડ આપવામાં આવ્યા છે. રાજ્યમાં આયુષ્યમાન કાર્ડ ધારક લાભાર્થીઓની સંખ્યા વધીને આજે ૧.૭૭ કરોડ થઈ છે.

આમ, આઝાદીના અમૃત મહોત્સવના સમાપન વર્ષમાં આગામી ૨૫ વર્ષમાં દેશ વિકાસની નવી ઊંચાઈએ પ્રાપ્ત કરે તે માટે એક-એક નાગરિકની જનભાગીદારી જરૂરી છે. સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસથી વિકાસની આ જનભાગીદારીમાં આપણે સૌ શ્રેષ્ઠભારતના નિર્માણ માટે પ્રતિબંદ્ધ થઈએ. તેમ તેમણે અંતમાં જણાવ્યું હતું.

કેબિનેટ મંત્રી ભાનુબેન બાબરીયાએ જૂનાગઢ જિલ્લા વિકાસ કાર્યો માટે પ્રાંત અધિકારી સુશ્રી ભૂમિબેન કેશવાલાને રૂા.૨૫ લાખનો ચેક અર્પણ કર્યો હતો. ઉપરાંત જિલ્લાના જુદા-જુદા વિભાગના ઉત્કૃષ્ટ કામગીરી કરનારા અધિકારી-કર્મચારીને મંત્રીશ્રી સહિતના મહાનુભાવોના હસ્તે પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવ્યાં હતા.

રાષ્ટ્રીય પર્વની આ ઉજવણીમાં દેશભક્તિસભર અને રંગારંગ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કરવામાં આવ્યા હતા. અંતે મંત્રી સહિતના મહાનુભાવના હસ્તે વૃક્ષારોપણ કરવાની સાથે પ્રતિકાત્મક રીતે આયોજિત કબડ્ડી અને રસ્સાખેંચ રમતના ખેલાડીઓ સાથે મુલાકાત કરી, રમતવીરોને પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે પદાધિકારી-અધિકારી ઉપસ્થિત રહ્યા હતા.

## જૂનાગઢના જગન્નાજી મંદિર ખાતે ધ્વજવંદન કરાયું




(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ, તા.૧૭

આઝાદી પર્વ ૧૫મી ઓગસ્ટની ઉજવણીનાં ભાગરૂપે છાંયા બજાર ખાતે આવેલ શ્રી જગન્નાથજી મંદિરમાં ૭૭માં સ્વાતંત્ર્ય દિવસ નિમિતે શ્રી સોરઠીયા વાણંદ જ્ઞાતિ દ્વારા ધ્વજવંદનનો કાર્યક્રમ રાખવામાં આવેલ હતો. તેમજ ભગવાન જગન્નાથજી સહીત દેવોને ધ્વજ અર્પણ કરી ધાર્મિકતાની સાથો રાષ્ટ્રીયતાની ભાવના ઉજાગર કરવામાં આવેલ હતી. આ તકે સોરઠીયા વાણંદ જ્ઞાતિનાં પ્રમુખ બિપિન ભટ્ટી, મંત્રી રાજુભાઈ ચુડાસમા, ધનશુખભાઈ ચુડાસમા, વિજય ચુડાસમા, અમુભાઈ વાઢેર, નીરૂભાઈ પરમાર, આશિષ પરમાર, પાર્થ ભટ્ટી, રાજ ભટ્ટી, હિતેષભાઈ પૂજારી સહીતનાં જોડાયને ધ્વજ વંદન કરેલ હતું.

## યાત્રાધામ દ્વારકામાં ગોમતી નદીમાં ભડકેશ્વર ગ્રુપ દ્વારા ઈતિહાસમાં પ્રથમવાર ધ્વજવંદન કરાયું



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા, તા.૧૭

૧૫મી ઓગસ્ટની ભારતભરમાં ધામધૂમ પૂર્વક ઉજવણી કરવામાં આવી ત્યારે માં ગોમતી નદીમાં ૧૫મી ઓગસ્ટ ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. ભડકેશ્વર ગ્રુપ દ્વારા ઈતિહાસમાં પ્રથમ વખત ગોમતી નદી અંદર રાષ્ટ્રગીત ગાય બોટમાં બેસી રાષ્ટ્રધ્વજ ફરકાવવામાં આવ્યો હતો. પવિત્ર ગોમતી નદીમાં હજારોની સંખ્યા ભક્તો સ્નાન કરી રહ્યા હતા તે ધ્વજવંદન જોઈ ભાવુક થયા. ઈતિહાસમાં પ્રથમ વખત ભગવાન દ્વારકાધીશને આંગણે ભડકેશ્વર ગ્રુપ દ્વારા માં ગોમતી નદીના ચરણોમાં ધ્વજવંદન કરવામાં આવ્યું હતું.

## જૂનાગઢ રૂદ્રેશ્વર જાગીર ભારતી આશ્રમ ખાતે રાષ્ટ્રીય પર્વની ઉજવણી કરવામાં આવી



જૂનાગઢ, તા.૧૭

ઈતિહાસની પ્રથમ ઘટના ગણીએ તો ગિરનારથી ક્ષેત્રમાં જૈન સમાજના સિદ્ધ સંત એવા ગોંડલ સંપ્રદાયના પરમ પૂજ્ય નમ્રમુનિ મહારાજ સાહેબ દ્વારા ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. આ તકે પદાધિકારી, અધિકારીઓ અનોક મહાનુભાવો, સાધુ-સંતો તેમજ લઘુમતી સમાજ અગ્રણી સહિતનાઓએ હાજરી આપી હતી. વધુમાં રૂદ્રેશ્વર જાગીર ભારતી આશ્રમ જૂનાગઢ ખાતે ઉજવણી દરમ્યાન પ્રથમ વખત એવું બન્યું કે કોઈ જેનાચાર્યએ તિરંગો લહેરાવ્યો અને એને સલામી આપી તેવી ગિરનાર મંડળમાં પ્રથમ ઘટના છે.

## અંકલેશ્વર ગુરૂકુલ ખાતે ૭૭માં સ્વાતંત્ર્યપર્વની દબદબાભેર ઉજવણી

### જ્ઞાનરૂપી શસ્ત્રો દ્વારા દેશવિરોધી તત્વો સામે લડીશું તો જ ભારત અખંડ રહેશે : શાસ્ત્રી જયસ્વરૂપદાસ




અંકલેશ્વર, તા.૧૭

અંકલેશ્વર જીઆઈડીસી સ્થિત શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ ખાતે ૭૭માં સ્વાતંત્ર્યપર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. આ રાષ્ટ્રીય પર્વ પ્રસંગે સંસ્થાના સંસ્થાપક સ્વામી કૃષ્ણસ્વરૂપ શાસ્ત્રીજીના આશીર્વાદ સાથે સમારોહના મુખ્ય અતિથિ સંજયભાઈ પટેલે રાષ્ટ્રધ્વજને વંદન કરી સલામી આપી હતી. ટ્રસ્ટી કિશોરભાઈ પાનસુરીયા સહિતના મહાનુભાવો અને વાલીઓ હાજર રહ્યા હતા. ગુરૂકુલ પરિવારના વિદ્યાર્થીઓએ મેરી મિટ્ટી મેરા દેશ અંતર્ગત દેશભક્તિ ગીત આધારિત નૃત્ય પ્રદર્શન કરીને પોતાની રાષ્ટ્રભક્તિના દર્શન કરાવી દેશ માટે પોતાનું અસ્તિત્વ ન્યોચ્છાવર કરી દેનારા વીરસપુતોને આદરાંજલિ આપી હતી. સ્વતંત્રતાની સાચી વ્યાખ્યા બતાવતા જયસ્વરૂપશાસ્ત્રીએ પોતાના વકતવ્યમાં એવું કહ્યું હતું કે, આપણે ત્યારે જ સ્વતંત્ર થયા કહેવાય કે, જ્યારે બાળકને પોતાના માતા-પિતા આધ્યાત્મિક વારસો અને મૂળ ભારતીય પરંપરાના દર્શન કરાવે, બાળકની આંગળી પકડીને ભારતીય સંસ્કૃતિના આધ્યાત્મિક કેન્દ્રો સાથે જોડી ભૌતિક જીવનના જ્ઞાન સાથે અધ્યાત્મજ્ઞાન સંપાદન કરાવે અને બાળકને સાચા સંસ્કાર આપીને બાળકનું ઘડતર કરે, આપણે આઝાદ થયા પરંતુ આબાદ ત્યારે જ થશું કે, જ્યારે હર હિન્દુસ્તાનીના હાથમાં હુન્નર અને દિલમાં દેશદાઝની ભાવના હશે. કાર્યક્રમને ચાર ચાંદ લગાવવામાં દરેક ફેકલ્ટીના આચાર્યો, સ્ટાફ મિત્રો તેમજ વિદ્યાર્થી મિત્રોએ ખૂબ જહેમત ઉઠાવી હતી.

## જામજોધપુરમાં પરૂષોતમ માસ નિમિત્તે કૃષ્ણ જન્મની અદભુત જાખી ઉભી કરાઈ



(પ્રતિનિધિ દ્વારા)

જામજોધપુર, તા.૧૭

હાલ પૂર્ણ પુરૂસોતમ માસનાં છેલ્લા દિવસો ચાલી રહ્યા છે. જેમાં જામજોધપુરનાં રામવાડી વિસ્તારમાં કૃષ્ણ જન્મની અદભુત જાંખી ઉભી કરવામાં આવી હતી તેમજ ૫૬ભોગ, સત્સંગ, દર્શન, પ્રસાદનું ભવ્ય આયોજન કરવામાં આવેલ હતું. શ્રી સ્વામિનારાયણ સત્સંગ મંડળ દ્વારા કીર્તન, ધૂન કરવામાં આવેલ હતી. આ સમગ્ર કાર્યક્રમ દેવયાનીબેન રાઠોડનાં માર્ગદર્શન હેઠળ યોજવામાં આવેલ હતા. આ અંગે તેને જણાવેલ કે, કૃષ્ણની બાલ્ય અવસ્થાને જાગૃત કરવા સતત ૧૫ દિવસ જેવો સમય લાગ્યો હતો. માટીથી જ ગોવર્ધન પર્વત તેમજ કૃષ્ણ સ્વરૂપ બનાવેલ હતું. આ કાર્યક્રમમાં બહોળી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા તેમજ આ જાંખીએ આગવું આકર્ષણ ઉભું કરેલ હતું.

સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# નીલકંઠ ગંજૂ હત્યાકાંડની ફેરતપાસ સાહસિક નિર્ણય

૪ નવેમ્બર, ૧૯૮૯ના રોજ ઈતિહાસમાં ગૂંજનારી એક ડરામણી ઘટનામાં, એક નીડર પૂર્વ જિલ્લા અને સત્ર ન્યાયાધીશ, નીલકંઠ ગંજૂ યાસિન મલિકના આતંકવાદી દુસ્સાહસનો શિકાર થઈ ગયા. શત્રુ એજન્ટ અધિનિયમ અંતર્ગત વિશેષ ન્યાયાલયના પીઠાસીનઅધિકારી રૂપે તેમણે મકબૂલ ભટને હત્યા માટે મોતની સજા સંભળાવી હતી. તેમની ધોળા દિવસે હરિ સિંહ હાઈ સ્ટ્રીટ પર ત્રણ આતંકવાદીઓ દ્વારા ક્રૂર હત્યા કરી દેવામાં આવી. એક દાયકા બાદ, બીબીસી પર ટીમ સેબેસ્ટીયનને ઈન્ટરવ્યૂ આપતાં યાસીન મલિકની રૂંવાડાં ઊભાં કરી દેતી સ્વીકારોક્તીએ ભયાવહ સચ્ચાઈની પુષ્ટિ કરી કે તેણે ગંજૂની હત્યાનું ષડયંત્ર રચ્યું હતું. આ અત્યાચાર પાછળનો એજન્ડા માત્ર સનસનાટી ફેલાવવાનો જ ન હતો, તેનો ઉદ્દેશ્ય માત્ર કાશ્મીરી પંડિતોનાં જીવન બરબાદ કરવાનો પણ ન હતો, બલ્કે ન્યાયપાલિકાની નસોમાં આતંકનાં બીજ વાવવાનો હતો. આ દુર્ભાવનાપૂર્ણ સંદેશ દૂર-દૂર સુધી ફેલાયોલ અને તેણે કાનૂની પરિદૃશ્યને ઝડપથી પ્રભાવિત કર્યું. એક વાર દઢ રહ્યા બાદ એડવોકેટ જનરલ અને અન્ય કાનૂની વ્યવસાય કરનારા ચૂપ થઈ ગયા, જેનાથી અદાલતો તેમના અવાજથી વંચિત થઈ ગઈ.

નહિ મળેલા ન્યાયની ભયાવહ વિરાસત માત્ર નીલકંઠ ગંજૂ માટે જ નહીં, પરંતુ જમ્મુ-કાશ્મીર લિબરેશન ફ્રંટ (જેકેએલએફ) ના આતંકવાદીઓ દ્વારા પીડિત અગણિત અન્ય કાશ્મીરી પંડિતો માટે પણ ચાલુ રહી. લગાતાર રાજ્ય અને કેન્દ્ર સરકારોના ખોખલા વાયદા કોઈ કાર્યવાહી નહિ કરવા કરતાં ય વધુ નુકસાનકારક સાબિત થયા. આ ઉદાસીનતાએ યાસીન મલિક, પાકિસ્તાન અને તેની કપટી એજન્સીઓને પ્રોત્સાહિત કર્યા. ફરિયાદ પક્ષની વણવપરાયેલી ક્ષમતા, જેની એક વખત રાજ્યપાલ જગમોહનના કાર્યકાળ દરમ્યાન કલ્પના કરવામાં આવી હતી, તે જમ્મુ-કાશ્મીરમાં આતંકવાદ અને વિધ્વંસને ઉત્તેજન આપવામાં પાકિસ્તાનના કાળા હાથને ઉજાગર કરવા માટે એક કેનવાસ રૂપે કામ કરી શકતી હતી. પરંતુ આ ક્ષમતાનું દોહન ન થયું, જ્યારે આઈએસઆઈનો ઝેરી પ્રભાવ ખતમ થઈ ગયો. પાછલી સરકારો અને નેતા સૈદ્ધાંતિક નીતિઓથી બચતા રહ્યા અને તેને બદલે સમજૂતીના રસ્તા અપનાવતા રહ્યા. પરિણામ ગંભીર હતાં, ત્યાં સુધી કે મુફ્તી મોહંમદ સઈદની પુત્રીના અપહરણકર્તા અને એચ.એલ. ખેડા, લસ્સા કૌલ અને મુશીર ઉલ હકના હત્યારા જેવા કઠોર આતંકવાદી પણ સજાથી બચી રહ્યા છે, જેના તેઓ હક્કદાર હતા. એક સમયે ન્યાયનો વાયદો કરનારી વિશેષ અદાલતો ખુદ રાજકીય અને પ્રશાસનિક દબાણોના બોજ તળે ઝૂકી ગઈ.

૩૩ વર્ષના લાંબા ઈંતેજાર બાદ નરસંહારના શિકાર કાશ્મીરી પંડિતો માટે ન્યાયની યાત્રા શરૂ થાય છે, જેઓ ક્યારેક જેકેએલએફના આતંકનો શિકાર હતા, જે હવે એક પ્રતિબંધિત યુએપીએ સંગઠન છે જેનું નેતૃત્વ તિહાર જેલમાં કેદ આતંકવાદી યાસીન મલિક કરી રહ્યો છે અને એના પર ટેરર ફંડિંગનો આરોપ લગાવવામાં આવ્યો છે. ન્યાયનું ચક્ર હવે ફર્યું છે, જ્યારે જમ્મુ-કાશ્મીર પોલીસની એક શાખા જમ્મુ-કાશ્મીર રાજ્ય તપાસ એજન્સી (એસઆઈએ)એ ન્યાયમૂર્તિ નીલકંઠ ગંજૂની હત્યાની ફાઈલ પરથી ધૂળ ખંખેરી છે. આ ઐતિહાસિક પ્રગતિ, ઈતિહાસમાં અંકિત એક જીત, મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી સરકાર, એલજી મનોજ સિંહાના નેતૃત્વવાળા જમ્મુ-કાશ્મીર પ્રશાસનની અતૂટ પ્રતિબદ્ધતા અને ન્યાય માટે કાશ્મીરી પંડિતોની અદમ્ય શોધની શાનદાર જીતને દર્શાવે છે.

પાકિસ્તાન પ્રાયોજિત જેકેએલએફ આતંકવાદીઓ દ્વારા ન્યાયમૂર્તિ નીલકંઠ ગંજૂની હત્યાના કેસને ત્રણ દાયકાઓ બાદ ફરીથી ખોલવાનો જનતા પર ભારે પ્રભાવ પડ્યો છે. એક સ્પષ્ટ સંદેશ પડઘાય છે કે કોઈપણ અપરાધ, સંડોવણી કે કોઈપણ કાર્ય ન્યાયની શોધમાં બચી નહીં જાય. આ જબરદસ્ત પગલું પારંપરિક સ્થાનિક અને રાષ્ટ્રીય રાજનેતાઓને પણ સ્તબ્ધ અને અવાક કરી ગયું છે, જેઓ લાંબા સમયથી આ મામલે ચૂપકિદી સેવી રાખતા હતા. વર્ષોની વોટબેંકની રાજનીતિ અને ખોખલા વાયદા, પોતાની જ માતૃભૂમિમાં કાશ્મીરી પંડિતોને આશ્રય આપનારી શરણાર્થી શિબિરો સામે ઉઘાડા પડી ગયા છે.

તેનાથી વિપરીત, મોદીના નેતૃત્વવાળી સરકારે એક અટલ સંકલ્પનું પ્રદર્શન કર્યું છે, જે એક દઢ રેખા ખેંચે છે -સફળતા પ્રત્યે પ્રતિબદ્ઘતા. મુશ્કેલી એ છે કે ભૂતકાળનો વિમર્શ એક અંધારી કહાની તરીકે સામે આવે છે : ડો.મનમોહન સિંહનું યાસીન મલિક સાથે હાથ મિલાવવું, દુશ્મન સાથે તેના સંબંધો, હાંકી કઢાયેલા કાશ્મીરી પંડિતોના ઉત્પીડન સાથે સ્પષ્ટ રૂપે વિરોધાભાસ પેદા કરે છે. ન્યાય માટે કોઈ પોકાર નહીં, પંડિતોની પીડા માટે કોઈ મીણબત્તી ગેંગ નહીં, આ બધું સત્તાના વર્તુળોમાં પડઘાય છે. છતાં, દુનિયા એ જુએ છે કે અપરાધીઓને થાબડભાણાં કરવામાં આવે છે, જ્યારે પીડિતોને નજરઅંદાજ કરી દેવામાં આવે છે. જેમ જેમ ન્યાયની લડાઈ ચાલુ રહે છે, ઈતિહાસનો બોજ ઘણી હદ સુધી ઓછો થઈ જાય છે. ભારતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દઢ નેતૃત્વ અંતર્ગત કાશ્મીરી પંડિતોની હત્યાના કેસોને સાહસપૂર્વક ફરીથી ખોલીને કથાની ફરીથી શરૂઆત કરી છે. રાજ્યના અધિકારનો સ્પષ્ટ રૂપે દાવો કરવામાં આવ્યો છે, તમામ અડચણોને ફગાવતાં અને એ પ્રદર્શિત કરવામાં આવ્યું છે કે જમ્મુ-કાશ્મીર હવે આતંક અને છળથી નહીં ડરે. બલિદાનોનું અટલ દઢ સંકલ્પ સાથે સ્વાગત કરવામાં આવ્યું છે.

આ સત્તાના દોરમાં, જમ્મુ-કાશ્મીર આતંકવાદ વિરુદ્ધ એક ગઢ રૂપે ઊભું છે. સ્પષ્ટ આહ્વાન પડઘાય છે કે આ ક્ષેત્રને ક્યારેય આતંકની દયા પર નહીં છોડવામાં આવે. સંકલ્પ અસંદિગ્ધ છે. ન્યાયની શોધ ન્યાયમૂર્તિ નીલકંઠ ગંજૂના કેસ કરતાં ક્યાંય આગળ સુધી ફેલાયેલી છે -તે ટીકાલાલ ટપલૂ, સતીષ ટિકૂ, પીએન ભટ અને અગણિત અન્ય લોકોની દુઃખદ હત્યાઓ સુધી ફેલાયેલી છે. ન્યાય તરફની દઢ કૂચ સામે ૩૩ વર્ષોનો ઈનકાર નતમસ્તક થઈ ગયો છે.

# કંથારપુર વડ ખાતે ભૂતળમાં ૨૨ ફૂટ ઉંડે ધ્યાન યોગ કેન્દ્રનું નિર્માણ થશે







● ધ્યાન-યોગ કેન્દ્ર,આયુર્વેદિક ઉપચાર કેન્દ્ર અને સંગ્રહાલય નિર્માણનું આયોજન

● કંથારપુર વડના વિકાસ માટે સરકારે રૂ.૧૫ કરોડ ફાળવ્યા છે : બીજા તબક્કામાં રૂ. ૯.૭૦ કરોડના ખર્ચે વિવિધ વિકાસ-કાર્યો હાથ ધરાયા

અમદાવાદ તા.૧૭

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકાના કંથારપુર વડ સંકુલ ખાતે ભૂતળમાં ધ્યાન-યોગ કેન્દ્ર વિકસાવવા માટે આયોજન હાથ ધરાયું છે. જમીન સપાટીથી ૨૨ ફૂટ નીચે બનનારું આ કેન્દ્ર આધ્યાત્મિક સાધનામાં રૂચિ ધરાવતા સાધકો માટે મહત્વનું સ્થળ બની રહેશે. આ પરિસરમાં આવતા શ્રદ્ધાળુઓને માનસિક-શારીરિક સ્વાસ્થ્ય લાભ થાય તે હેતુથી અહીં આયુર્વેદિકઉપચાર કેન્દ્ર પણ બનશે.

કંથારપુર વડ પરિસર વિકાસ પ્રકલ્પઃ વિચારબીજથી વટવૃક્ષ

લોકોક્તિ અનુસાર આ વડ ૫૦૦ વર્ષ પુરાણો છે. કંથારપુર મહાકાળી વડ તરીકે જાણીતા બનેલા આ વડને "મીની કબીરવડ"ના નામે પણ ઓળખવામાં આવે છે. ઉલ્લેખનીય છે વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે રાજ્યના મુખ્યમંત્રી હતા ત્યારે વર્ષ ૨૦૦૬માં પ્રવાસન સ્થળની યાદીમાં સમાવેશ કર્યો હતો. ૨૮ ઓગસ્ટ, ૨૦૧૩માં નરેન્દ્ર મોદીએ આ સ્થળની મુલાકાત લીધી હતી અને આ સ્થળને ધાર્મિક પ્રવાસન સ્થળ તરીકે વિકસાવવાની નેમ વ્યક્ત કરી હતી. ગુજરાત સરકારે મે-૨૦૨૧માં આશરે રૂ. ૧૫ કરોડના બજેટની જોગવાઈ સાથે "કંથારપુર મહાકાળી વડ" વિકાસ પ્રકલ્પને વધુ ગતિશીલ બનાવ્યો. ત્યારબાદ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના દિશા-નિર્દેશમાં આ સ્થળને વિકસિત કરવા માટેના યોજનાબદ્ધ પ્રયાસો ચાલી રહ્યા છે. મુખ્યમંત્રીએ સ્થળ મુલાકાત લઈ પ્રોજેક્ટની કામગીરીની સમીક્ષા પણ કરી હતી.

પ્રોજેક્ટ અંગે વિગતે વાત કરતાં ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ (ઁરૂફમ)ના સચિવ આર.આર.રાવલ કહે છે : " કંથારપુર મહાકાળી વડ વિકાસ પ્રોજેક્ટમાં બીજા તબક્કામાં રૂ. ૯ કરોડ ૭૦ લાખના ખર્ચે વિવિધ વિકાસ-કાર્યો હાથ ધરાઈ રહ્યા છે."

કંથારપુર - આધ્યાત્મિક કેન્દ્રબિંદુ

કંથારપુર મહાકાળી વડ સંકુલને માત્ર ધાર્મિક પ્રવાસન સ્થળ તરીકે નહીં, પરંતુ આધ્યાત્મિક કેન્દ્ર તરીકે વિકસાવવાની દિશામાં વિશેષ પ્રયાસ કરવામા આવી રહ્યો છે. આર.આર.રાવલ કહે છે કે આ વડનું પ્રાચીન મહાત્મ્ય જળવાઈ રહે તે બાબતનું પણ ખાસ ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. ધરતીના પેટાળમાં ૨૨ ફૂટ ઉંડે આકાર પામી રહેલા ધ્યાન યોગ કેન્દ્રની ભૂમિકા આપતા તેઓ કહે છે કે, આ કેન્દ્ર સાધકોને ભૌતિક જગતથી અલિપ્ત થવાનો અવસર પૂરો પાડશે, અને પરમ શાંતિની અનુભૂતિ કરાવશે.

કંથારપુર વડ પરિસર વિકાસ : પ્રાચીન સ્થળ, અર્વાચીન ઓળખ

કંથારપુર મહાકાળી વડ' પ્રોજેક્ટ તબક્કાવાર હાથ ધરાઈ રહ્યો છે. હાલ , અહીં વાવ(સ્ટેપવેલ) પ્રકારના બાંધકામની ૬૯ ટકા કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. પ્રથમ તબક્કામાં સંકુલમાં ધ્યાન અને યોગ કેન્દ્ર, આયુર્વેદિક ઉપચાર કેન્દ્ર, સંગ્રહાલય, પાથ-વે, લૅંડસ્કૅપિંગ જેવી સુવિધાઓ વિકસિત કરવામાં આવી રહી છે. આ પ્રોજેક્ટમાં યોગ, ધ્યાન કેન્દ્ર તેમ જ પ્રાર્થના ખંડ સંદર્ભે રાજયમાં યોગ-વિજ્ઞાન માટે જાણીતી એવી લકુલિશ યોગ યુનિવર્સિટી સાથે પણ પરામર્શ હાથ ધરવામાં આવ્યો.

તેમણે વધું માં કહ્યું હતું કે, આગામી તબક્કામાં મંદિરનું રિનોવેશન, લેન્ડસ્કેપિંગ, કમ્પાઉન્ડ વોલ, લીફ્ટ તેમ જ બ્યુટિફિકેશનના કાર્ય હાથ ધરાશે. તેઓ ઉમેરે છે કે વાવ(સ્ટેપવેલ) પ્રકારની ઈમારતમાં સંગ્રહાલયનું પણ નિર્માણ કરાશે.

નવેમ્બર -૨૦૨૪માં પ્રોજેક્ટ પૂર્ણ થશે

આયોજન અનુસાર આ પ્રકલ્પ નવેમ્બર-૨૦૨૪સુધીમાં પૂર્ણ થાય તેવું આયોજન કરવામાં આવ્યું છે. ૫ મે, ૨૦૨૧ના રોજ શરુ થયેલા આ પ્રોજેક્ટના બીજા તબક્કાની કામગીરી ઓગસ્ટ-૨૦૨૩ થી શરુ થશે. આ તબક્કાની સમય-મર્યાદા ૧૫ મહિનાની રાખવામાં આવી છે. એટલે કે તે નવેમ્બર-૨૦૨૪માં પૂર્ણ થાય તેવી આશા છે. આમ, વર્ષ ૨૦૨૫ના પ્રારંભે અધ્યાત્મમાં રૂચિ ધરાવતા સાધકોને ગાંધીનગર પાસે નવું સાધના-કેન્દ્ર પ્રાપ્ત થશે.

# બાંગ્લાદેશમાં ડેન્ગ્યુએ હાહાકાર મચાવ્યો, દરરોજ હજારો કેસ, અત્યાર સુધીમાં ૩૯૮ લોકોના મોત

ઢાકા,તા.૧૭

બાંગ્લાદેશમાં ડેન્ગ્યુના કેસ વધી રહ્યા છે. બાંગ્લાદેશમાં રવિવારે સવારે ૮ વાગ્યા સુધી છેલ્લા ૨૪ કલાકમાં ૧૧ વધુ ડેન્ગ્યુના મોત અને વધારાના ૨,૯૦૫ કેસ નોંધાયા છે, એમ ધ ઢાકા ટ્રિબ્યુને અહેવાલ આપ્યો છે. બાંગ્લાદેશમાં ડેન્ગ્યુથી મૃત્યુ પામેલા લોકોની કુલ સંખ્યા હવે વધીને ૩૯૮ થઈ ગઈ છે. ૧ જાન્યુઆરીથી, બાંગ્લાદેશમાં ડેન્ગ્યુના કુલ કેસોની સંખ્યા ૮૫,૪૧૧ પર પહોંચી ગઈ છે. ગયા અઠવાડિયે આરોગ્ય અધિકારીઓએ ઓગસ્ટના અંત સુધીમાં ડેન્ગ્યુમાં ઘટાડો થવાની આગાહી કરી હોવા છતાં ડેન્ગ્યુના કેસોમાં વધારો થયો છે. ડેન્ગ્યુના વધતા જતા કેસોના કારણે લોકોમાં ભયનો માહોલ છે, જ્યારે આરોગ્ય વિભાગ ચિંતાતુર છે. ધ ઢાકા ટ્રિબ્યુનના અહેવાલ મુજબ, બાંગ્લાદેશમાં ૧૧ મૃત્યુમાંથી સાત ઢાકામાં થયા છે. ઢાકા ટ્રિબ્યુને આરોગ્ય સેવાઓના મહાનિર્દેશાલયને ટાંકીને જણાવ્યું હતું કે નવા દર્દીઓમાંથી ૧,૦૪૨ ઢાકામાં અને બાકીના બાંગ્લાદેશના અન્ય ભાગોમાં હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. ઢાકામાં ૪,૩૩૫ સહિત કુલ ૯,૭૩૩ ડેન્ગ્યુ દર્દીઓ દેશભરની હોસ્પિટલોમાં સારવાર હેઠળ છે. રિપોર્ટમાં જણાવવામાં આવ્યું હતું કે ડીજીએચએસ મુજબ અત્યાર સુધીમાં ૭૫,૨૮૦ લોકો ડેન્ગ્યુથી સાજા થયા છે. જુલાઈના પ્રથમ ૧૩ દિવસમાં બાંગ્લાદેશમાં ડેન્ગ્યુના ૯૪૦૪ કેસ નોંધાયા છે અને મચ્છરજન્ય રોગને કારણે ૪૬ લોકોના મોત થયા છે. જો કે, ઓગસ્ટમાં સમાન સમયગાળા દરમિયાન, બાંગ્લાદેશમાં ડેન્ગ્યુના ૧૪૭ મૃત્યુ અને ૩૩,૫૭૯ દર્દીઓ નોંધાયા હતા. નિષ્ણાતોએ ચેતવણી આપી છે કે આ પ્રકોપ નવેમ્બર સુધી ચાલુ રહી શકે છે અને આ મહિને તેની ટોચ પર પહોંચવાની ધારણા છે. ડેટા અનુસાર, ઢાકા હજુ પણ ડેન્ગ્યુનું હોટસ્પોટ છે. ૨૦૨૩ માં અત્યાર સુધીમાં નોંધાયેલા મૃત્યુમાંથી, ૩૦૧ મૃત્યુ એકલા ઢાકામાં થયા છે. બાંગ્લાદેશની રાજધાનીમાં ડેન્ગ્યુના લગભગ અડધા કેસ છે. જો કે, બાંગ્લાદેશના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રી ઝાહિદ મલેકે ઢાકામાં ડેન્ગ્યુની સ્થિતિને "સ્થિર" ગણાવી હતી. ઝાહિદ મલિકે જણાવ્યું હતું કે, "દેશભરમાં ડેન્ગ્યુના કેસ વધી રહ્યા હોવા છતાં, ઢાકામાં સ્થિતિ હવે સ્થિર છે," ઢાકા ટ્રિબ્યુન દ્વારા અહેવાલ છે. સંયુક્ત રાષ્ટ્ર દ્વારા જાહેર કરવામાં આવેલા નિવેદન અનુસાર, ૧૧ ઓગસ્ટના રોજ વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશને કહ્યું કે બાંગ્લાદેશમાં ડેન્ગ્યુ તાવના કેસોમાં નોંધપાત્ર વધારો થયો છે. ડબ્લ્યુએચઓએ મચ્છરોની વસ્તીને નિયંત્રિત કરવા અને વ્યક્તિગત સંપર્કમાં ઘટાડો કરવા માટે પ્રયત્નો કરવા હાકલ કરી છે, જેમ કે મચ્છર ભગાડનારાઓનો ઉપયોગ કરવો અને લાંબી બાંયના કપડાં પહેરવા. ડબ્લ્યુએચઓએ જણાવ્યું હતું કે ડેન્ગ્યુની ઉચ્ચ ઘટનાઓ ઉંચા તાપમાન અને ઉચ્ચ ભેજ સાથે અસામાન્ય એપિસોડિક પ્રમાણમાં વરસાદના સંદર્ભમાં થઈ રહી છે, જેના પરિણામે સમગ્ર બાંગ્લાદેશમાં મચ્છરોની વસ્તીમાં વધારો થયો છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

કરેલા કાર્યોના ફળ ભોગવ્યા વિના છૂટકો નથી.

- ઉત્તરાધ્યયન

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.ફરવરદીન-૧૩૯૩, મુ. મોહરમ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, શ્રાવણ સુદ-૧ ઈષ્ટી, શ્રાવણ માસ આરંભ, શિવ પૂજન આરંભ, ચંદ્રદર્શન, શ્રી બૃહસ્પતિપૂજન તા.૧૭ઓગષ્ટ ૨૦૨૩, ગુરૂવાર, પારસી તા.૨, મુસ્લિમ તા.૨૯, મઘા નક્ષત્ર, પરિઘ યોગ, બાલવ કરણ, સૂ.ઉ.૬:૨૯, સૂ.અ.૭:૨૧

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : ચિંતાનો ઉકેલ મળે. આરોગ્ય સંભાળવું.
વૃષભ : ભાગીદારીથી લાભ થાય. પ્રિય પાત્રનો સહકાર મળે.
મિથુન : નાણાંભીડ તીવ્ર બને. મહત્વના કાર્યમાં રૂકાવટ આવે.
કર્ક : કાર્યબોજ હળવો બને. નવિન શુભ સમાચાર મળે.
સિંહ : પુરૂષાર્થ પછી વિશેષ ફળ મળે. પ્રવાસમાં લાભ થાય.
કન્યા : મનમાં વ્યર્થ ક્રોધ રહે. સ્નેહિ-પડોશીથી સંઘર્ષ ટાળવો.
તુલા : વાહન-મકાનની ખરીદી થાય. લાભની તક સાંપડે.
વૃશ્ચિક : મિલન-મુલાકાતમાં સફળતા મળે. વ્યવસાયિક કાર્યો સફળ થાય.
ધન : માનસિક ચિંતા રહે. નાણાંભીડ અનુભવાય.
મકર : ભાઈ-ભાંડુથી લાભ થાય. નવિન આયોજન કરી શકશો.
કુંભ : જમીન-મકાનને લગતા કાર્યોમાં સફળતા મળે. ધન ખર્ચ થાય.
મીન : સ્નેહિથી મિલન, સંતાનોથી લાભ, મન પ્રફુલિત રહે.

અધિક માસનું કથામૃત
- કનકચંદ્ર સી. વ્યાસ



## ભગવાન ક્યાં રહે છે ?

એકવાર વિષ્ણુ ભગવાન વિષ્ણુલોકમાં લક્ષ્મીજી જોડે બેઠા હતા. બંને અલક મલકની વાતો કરતા હતા. ત્યાં''અચાનક મહર્ષિ નારદજી આવ્યા. તેમણે ભગવાનને પ્રણામ કરીને કહ્યું, ''હે પ્રભુ, આ પૃથ્વી લોકના લોકો અત્યારે ખૂબ''જ દુઃખી થઈ ગયા છે. તેઓ ધમર્નો માર્ગ ભૂલી ગયા છે. સતત અધર્મના આચરણ પ્રત્યે તેમને આકર્ષણ થાય છે. જેના કારણે''સાચા માર્ગથી ભટકી રહ્યા છે.''''આ સાંભળી શ્રી વિષ્ણુ ભગવાનને પૃથ્વીલોકના લોકો પર દયા આવી ગઇ તેથી તેમણે નારદજીને કહ્યું ''હું જાતે'પૃથ્વી લોકમાં જઈશ. ત્યાંના લોકોને સાચો માર્ગ બતાવી ધર્મના માર્ગે લઈ જવા પ્રયત્ન કરીશ.''''''રહેવા દો પૃથ્વી લોકના લોકો તમારી સલાહ બિલકુલ નહિ માને. તમને ભગવાન તરીકે સ્વીકારશે જ નહિ તેવી''મને શંકા છે. તમારો પૃથ્વી લોકનો ફેરો વ્યર્થ જશે. માટે તે કરવાનું રહેવા દો.'' લક્ષ્મીજી બોલી ઉઠયા.''આથી શ્રી વિષ્ણુ ભગવાનથી ન રહેવાયું તેમણે લક્ષ્મીજીને સમજાવવા પ્રયત્ન કરતા કહ્યું,''પૃથ્વીલોકના મનુષ્યો''આપણા બાળકો કહેવાય. એ કાંઈ ભૂલ કરતા હોય તો તેને રોકવા એ આપણી પ્રથમ ફરજ બને છે. વળી હું તેમના માટે''ભગવાન છું એ લોકો મારું કહ્યું અવશ્ય માનશે જ.''''ભગવાનની વાત સાંભળી લક્ષ્મીજી ગુસ્સે ભરાયા ''હું કલીયુગના મનુષ્યની પ્રકૃતિને બરાબર જાણું છું તે તમારી''વાત માનશે જ નહિ તેમ છતાય તમારે તેમને સમજાવવા જવા હોય તો મારી એક વાત બરાબર સાંભળી લેજો, જો''પૃથ્વીલોકના લોકો તમારી વાત કાને નહિ ધરે તો હું તમને વિષ્ણુંલોકમાં પ્રવેશ કરવા નહિ દઉં.''''પરંતુ એમ વાત માને તો તે કેમ ચાલે ? આખરે વિષ્ણુલોક છોડી ભગવાન શ્રી વિષ્ણુ પૃથ્વીલોકમાં આવ્યા. જયાં''લોકો એકઠા થયલા હોય ત્યાં ભગવાન ઉભા રહી જાય. લોકાને ધર્મ-કર્મનો ઉપદેશ આપી ધર્મના માર્ગે ચાલવા માટે''સમજાવવા પ્રયત્ન કરે પરંતુ તેમની વાત કોઈ સાંભળવા તૈયાર ન થાય. લોકો પૂછે, ''તમે કોણ છો ?''''આથી ભગવાન હર્ષથી કહે, ''હું ભગવાન વિષ્ણું છું.''''''તમે ભગવાન છો તો પછી અમને ધન આપો, બંગલા આપો, ગાડીઓ આપો.'' લોકો ભગવાનને તુરંત જ''કહેવા માંડે.''આથી ભગવાન ત્યાંથી નિરાશ થઈને વળી બીજી જગ્યાએ જાય. આમ ને આમ ભગવાન કેટલીય જગ્યા એ ફર્યા''બધી જગ્યાએ એક જ પ્રકારનો વર્તાવ જોઈ ભગવાન તો વ્યથિત થઈ ગયા. તેમને થયું કે આ કલયુગના માનવીને મારે કેમ''સમજાવવા કે ધર્મના માર્ગે ચાલશો એટલે ધન, વૈભવ વગેરે આવશે અને તે ધન-વૈભવ મનની શાંતી અને તનની તંદુરસ્તી''આપશે.''આખરે શ્રી વિષ્ણુ ભગવાન થાકી ગયા. એટલે વિષ્ણુલોક પરત જવાનો વિચાર કર્યો. ત્યાં અચાનક યાદ આવ્યું,''જો વિષ્ણુલોક પરત જાઉ તો હવે શરત મુજબ લક્ષ્મીજી આવવા નહિ દે. હવે મારે જાવવું કયા ? એવી ચિંતાથી ભગવાન''યુક્ત થયા. આ સમયે ફરી નારદજી આવી ચડયા. તમણે ભગવાનને પ્રણામ કર્યા. ઉતમ પ્રાથના કરી પછી ભગવાન શ્રી''વિષ્ણુને ઉદાસ જોયા તેથી પ્રશ્ન કર્યો , ''ભગવાન તમે કેમ ઉદાસ થઈ ગયા ?'' આથી ભગવાન શ્રી વિષ્ણુએ જણાવ્યું કે,''''પૃથ્વી લોકના મનુષ્યોએ મારી કોઈ વાત કાને ધરી નથી. પૃથ્વીલોકના મનુષ્યોને આવા સ્વાર્થી નહોતા માન્યા તેઓના''કારણે હવે લક્ષ્મીજી મને વિષ્ણુલોકમાં પગ મૂકવા નહિ દે. તેથી મારે ચિંતા થવા લાગી છે કે હવે મારે રહેવું કયાં ?''''આ સાંભળી નારદજી બોલ્યા ''ભગવાન તમે ચિંતા છોડી દો હું તમને રહેવા માટેનું એક ઉતમ સ્થાન બતાવું છું.''તમે મનુષ્યના હૃદયમાં બેસી જાવ જે તમારો સાચો ભક્ત હશે તે અંતરમુંખી તમને અંદરથી શોધી લઈને તમારા આશીર્વાદ''અને કૃપાથી સદમાર્ગે ચાલી બંધન માથી મુક્ત થઈ જશે જયારે સ્વાર્થી મનુષ્યને મુશ્કેલી પડશે તો તે બહિર્મુખી હોઈ તે તમને''બહારની દુનિયામાં શોધતા ફરશે. તેમને ક્યારેય સુખ કે શાંતી નહિ મળે.''નારદજીની વાત ભગવાન શ્રી વિષ્ણુને ખૂબ જ ગમી ગઈ ત્યારથી ભગવાન મનુષ્યના હૃદયમાં રહેવા લાગ્યા છે''અને સાચા ભક્તને અંતર માથી જ જવાબ આપી સદમાર્ગે ચાલવા પ્રેરણા આપે છે. તેથી જ આપણે આજે પણ કહિએ''છીએ કે, હૃદયનો અવાજ સાંભળીને દરેક નિર્ણય કરવો.

**આજનું ભજન**

ભક્તોનો જીવનસાર; 'આશરો શ્યામ તણો'
''એના જીવનનો આધાર, 'આશરો શ્યામ તણો'
''સારું-ખોટું, સુખ-દુઃખમાં; 'આશરો શ્યામ તણો'
''સૌ ખંખેરી ખસી જાતો....(૨)''કરતો ઉચા હાથ,
'આશરો શ્યામ તણો'''કેડ કસીને ભજન કરવું,
એને દહાડો રાત રાત રે,''બાકીના જે કામ બધાયે.....(૨)
''કરશે દિનાનાથ, 'આશરો શ્યામ તણો'
''રહે સંસાર, સૌ સંગાથે તો યે પરનો પર રે,
''આભ તૂટે, દાવાનળ સળગે...(૨)
''દિલમાં નહિં છે ડર 'આશરો શ્યામ તણો'
'''ભય' શબ્દ તો ભુંસાઈ જતો, એના 'શબ્દકોશ' રે''
'પુનીત' ભક્તોના જીવનમાં...(૨)
''સદાય છે સંતોષ, 'આશરો શ્યામ તણો'
શ્રીમતિ રમણતારા કે. વ્યાસ

## રાજ્યના સામાજીક ન્યાય અને અધિકારીતા તથા મહિલા અને બાળ કલ્યાણ વિભાગના કેબિનેટ મંત્રી

# શ્રીમતી ભાનુબેન બાબરિયાએ ગિર વિસ્તારના મેંદરડા તાલુકાના કરસનગઢ ગામ અને કાઠાળા નેસની મુલાકાત લીધી

## પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ સાથે વાત્સલ્ય ભાવસભર સંવાદ સાધ્યો, ગ્રામ આગેવાનો પાસેથી સ્થાનિક પ્રશ્નો પણ જાણી અને પ્રશ્નોના સકારાત્મક નિરાકરણ માટે ગ્રામ આગેવાનો સાથે સંબંધિત અધિકારીઓ બેઠક યોજાશે

જૂનાગઢ, તા.૧૭

રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારીતા તથા મહિલા અને બાળ કલ્યાણ વિભાગના કેબિનેટ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરિયાએ જૂનાગઢમાં ૭૭માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીમાં સહભાગી થયા બાદ ગિર વિસ્તારના મેંદરડા તાલુકાના કરસનગઢ ગામની અને કાઠાળા નેસ પ્રાથમિક શાળાની મુલાકાત કરી હતી. આ પ્રવાસ દરમ્યાન તેમણે પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓ સાથે વાત્સલ્ય ભાવસભર સંવાદ સાધ્યો હતો. આ સાથે ગ્રામ આગેવાનોના સ્થાનિક પ્રશ્નોના નિરાકરણ માટે જરૂરી ચર્ચા વિચારણા કરી હતી. કેબિનેટ મંત્રી શ્રીમતી ભાનુબેન બાબરીયાએ રાષ્ટ્રીય પર્વની શુભકામના પાઠવતા જણાવ્યું કે, બીપરજોય વાવાઝોડાના પગલે શાળા પ્રવેશોત્સવમાં આ વિસ્તારની મુલાકાત લઈ શકાય ન હતી. જેથી આજે શિક્ષણની સાથે અન્ય વિકાસના કામોને આગળ ધપાવવા, ઉપરાંત અન્ય પ્રશ્નોના નિરાકરણ માટે ગ્રામજનો વચ્ચે રાજ્ય સરકાર વતી આવવાનું થયું છે. શ્રીમતી ભાનુબેન બાબરીયાએ સ્થાનિક





આગેવાનોના પ્રશ્નો સાંભળી તેના નિરાકરણ માટે સંબંધિત અધિકારીઓ સાથે બેઠક યોજવા જણાવ્યું હતું. ઉપરાંત નીતિગત પ્રશ્નોને રાજ્ય સરકારમાં રજૂ કરવામાં આવશે. સાથે જ તેમણે કાયદા અને નિયમોની મર્યાદામાં રહી લોકોના પ્રશ્નોનું સરળીકરણ પૂર્વક ત્વરિત નિરાકરણ લાવવા માટે પણ સૂચના આપી હતી. જિલ્લા વિકાસ અધિકારી મિરાંત પરીખે જણાવ્યું કે, દેશના ભાવિ એવા વિદ્યાર્થીઓના વિકાસ માટે રાજ્ય સરકારે અનેકવિધ યોજનાઓ અમલમાં મૂકી છે. બાળકનો વિકાસ માતાના ગર્ભમાંથી જ શરૂ થતો હોય છે. તેને ધ્યાનમાં રાખી સગર્ભાઓ, ધાત્રી માતાઓ અને બાળકોને પુરતું પોષણ મળી રહે સાથે જ સ્વસ્થ તંદુરસ્ત રહે તે માટે પોષક તત્વોથી ભરપૂર આહાર બનાવી શકે તે માટેની સામગ્રી આપવામાં આવે છે. આ સાથે તેમણે લોકોના પ્રશ્નોનું સકારાત્મક નિવારણ માટે તત્પરતા દર્શાવી હતી. આ પ્રવાસ દરમિયાન જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી વિપુલ ઘુંચલા, મામલતદાર, તાલુકા વિકાસ અધિકારી, કરસનગઢ ગામના સરપંચ સમીરભાઈ વાળા, કાઠાળા નેસના આગેવાનો, શિક્ષકગણ, વન વિભાગ સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# દેવભૂમિ દ્વારકા જીલ્લા કલેક્ટર અશોક શર્માના અધ્યક્ષસ્થાને સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી કરાઇ




દ્વારકા, તા.૧૭

દેવભૂમિ દ્વારકા જિલ્લા કક્ષાના સ્વાતંત્ર્ય પર્વની સર્કીટ હાઉસ પાછળનું મેદાન, દ્વારકા ખાતે કરવામાં આવી હતી. જિલ્લા કલેકટરશ્રી અશોક શર્માના હસ્તે ધ્વજવંદન કરવામાં આવ્યું હતું. બાદમાં કલેકટરે એએસપી રાઘવ જૈન સાથે પરેડનું નિરીક્ષણ કર્યું હતું. પરેડમાં પોલીસ, હોમગાર્ડ, ટ્રાફિક પોલીસ સહિતની ટુકડીઓ સહભાગી થઈ હતી.

જિલ્લા કલેકટર અશોક શર્માએ નગરજનોને સ્વાતંત્ર્ય પર્વની શુભકામના પાઠવતા જણાવ્યું હતું કે, આ શાનદાર ઉજવણીમાં ઉપસ્થિત રહેલા સર્વેને અભિનંદન પાઠવું છું. સ્વામી રામતીર્થની પંક્તિ "મે ભારત હું, સંપૂર્ણ ભારત, ભારત કી ભૂમિ મેરા શરીર હૈ, કન્યાકુમારી મેરે ચરણ હૈ, હિમાલય મેરા મસ્તક હૈ,ને યાદ કરી હતી અને આગળ જણાવ્યું હતું કે આઝાદી કા અમૃત મહોત્સવની પૂર્ણાહુતિ વધુ યાદગાર રહી છે. આપ સૌ જાણો છો કે તા. ૯ ઓગસ્ટથી સમગ્ર દેશમાં મારી માટી, મારો દેશ અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જે અંતર્ગત દેવભૂમિ દ્વારકા જિલ્લામાં પણ આ અભિયાન અંતર્ગતવિવિધ કાર્યક્રમો યોજાઈ રહ્યા છે.

માટીને નમન, વીરોને વંદન સાથે માતૃભૂમિને નમન અને દેશના સપૂતોને શ્રધાંજલિ આપવાના આ અભિયાનમાં સામેલ થઈ આપણે સૌ આઝાદી કા અમૃત મહોત્સવની પૂર્ણાહુતિને યાદગાર બનાવવા પ્રતિબદ્ધ છીએ. અનેક જાણીતા, અજાણ્યા સ્વાતંત્ર્ય સેનાનીઓના અમૂલ્ય બલિદાનને કારણે આપણે આ આઝાદી મળી છે. ત્યારે આ આઝાદીને જાળવી રાખવાની જવાબદારી આપણા સૌની છે. અંતમાં જણાવ્યું હતું કે આ જ તો ગુજરાતના વિકાસની ખુમારી, આફતોના મુકાબલા માટેની સજ્જનતાની, સૌના સાથથી સૌના વિકાસ કરવાની તમન્નાની, ગુજરાતને ભવ્ય અને દિવ્ય બનાવવાની પરિશ્રમ યાત્રાની સ્વાતંત્ર્ય પર્વની પુનઃ શુભકામના પાઠવું છું.

કાર્યક્રમ અંતર્ગત દ્વારકાના વિકાસ માટે રૂ. ૨૫ લાખની રકમનો ચેક એનાયત કરવામાં આવ્યો હતો. યોગનું મહત્વ સમજાવતી, દેશભક્તિ દર્શાવતી કૃતિઓ સાંસ્કૃતિક કાર્યક્રમમાં રજૂ કરવામાં આવી હતી. તેમજ સ્વાતંત્ર્ય સેનનીઓના પરિવારજનોનું, શ્રેષ્ઠ કામગીરી કરનાર કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું.

સ્વાતંત્ર્ય પર્વની આ ઉજવણીમાં જિલ્લા વિકાસ અધિકારી એસ. ડી. ધનાણી, નિવાસી અધિક કલેકટર ભૂપેશ જોટાણીયા, દ્વારકા પ્રાંત અધિકારીશ્રી પાર્થ તલસાણીયા, ડી.વાય એસ.પી. પરમાર, ડી.વાય એસ.પી. પ્રજાપતિ, ડી.વાયએસ.પી. સમીર શારડા, જિલ્લા ભાજપ પ્રમુખ મયુરભાઈ ગઢવી, અગ્રણી યુવરાજસિંહ વાઢેર, રમેશભાઈ હેરમાં, છાત્રો તેમજ નગરજનો જોડાયા હતા.

# જૂનાગઢ ખોડીયાર ગૃપ દ્વારા ૭મો ભવ્ય સર્વજ્ઞાતિ સરસ્વતિ સન્માન સમારોહ યોજાયો




જૂનાગઢ, તા.૧૭

શ્રી ગિરનારા બ્રહ્મપુરીની વાડી, પંચહાટડી ચોક - જૂનાગઢ ખાતે શ્રી જૂનાગઢ ખોડીયાર ગૃપ યુવક મંડળ ટ્રસ્ટ - જૂનાગઢ દ્વારા તા.૧૩/૮/૨૦૨૩ને રવિવારનાં રોજ સાતમી વખત ભવ્ય સર્વજ્ઞાતિ સરસ્વતિ સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં ધોરણ ૫ થી ૧૨માં ૧ થી ૫ નંબરનાં વિદ્યાર્થીઓને શિલ્ડ, મેડલ, પ્રમાણપત્ર, કીટ અને બાકીનાં તમામ વિદ્યાર્થીઓને આશ્વાસન ઈનામ આપવામાં આવેલ હતા. આ સમારોહનું ઉદઘાટન શ્રી વેરાવળ-પાટણ ગિરનારા પરજીયા સોની જ્ઞાતિ - વેરાવળ - પાટણનાં પ્રમુખ પ્રવિણભાઈ પાલાનાં વરદ હસ્તે કરવામાં આવ્યું હતું. આ સમારોહનાં અધ્યક્ષ સ્થાને ગાયત્રી પરિવાર ચેરીટેબલ ટ્રસ્ટ (ગાયત્રી શક્તિપીઠ)- જૂનાગઢનાં મેનેજીંગ ટ્રસ્ટી નાગભાઈ વાળા ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ સમારોહનાં ઉપાધ્યક્ષ સ્થાને **N.S.P** મ્યુઝિકલ કરાઓકે ગૃપ - જૂનાગઢનાં પ્રમુખ અને ટેક્ષ કન્સલ્ટન્ટ ચંદુભાઈ લોઢીયા ખાસ ઉપસ્થિત રહ્યા હતાં. આ સમારોહનાં મુખ્ય અતિથિ વિશેષ તરીકે જૂનાગઢનાં પુર્વ ધારાસભ્ય અને પુર્વ મેયર મહેન્દ્રભાઈ મશરૂ ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ સમારોહનાં અતિથિ વિશેષ તરીકે સમર્પણ ગૃપ - જેતપુરનાં પ્રમુખ હરીશભાઈ મણીયાર અને મંત્રી અરવિંદભાઈ આશરા, જૂનાગઢનાં નરસિંહભાઈ વાઘેલા, ચેતનભાઈ ટાકોદ્રા, રેખાબેન સ્વાદીયા, જયશ્રીબેન ગાલોરીયા, કંચનબેન સાંગાણી, શ્વેતાબેન મિશ્રાણી, વનિતાબેન જોષી, કિરણબેન સોલંકી, નિશાબેન (કન્યા શાળા નં.૪), રમીલાબેન ઘુચલા, રોશનીબેન ઘુચલા વગેરે મહાનુભાવો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આ સમારોહમાં સંસ્થાનાં તમામ મેમ્બરોને મોમેન્ટો આપી નવાજવામાં આવ્યા હતાં. આ સમારોહમાં બહોળી સંખ્યામાં લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ સમારોહનું સંચાલન શ્રી ગિરનારા પરજીયા સોની જ્ઞાતિ યુવક મંડળ - જૂનાગઢનાં મંત્રી ભરતભાઈ નાંઢાએ કર્યું હતું. આ સમારોહને સફળ બનાવવા સંસ્થાનાં પ્રમુખ નરેન્દ્રભાઈ ઘુચલા, ઉપપ્રમુખ પ્રતિકભાઈ મિશ્રાણી, મહામંત્રી નિકુંજભાઈ ભાલાણી, ખજાનચી અરવિંદભાઈ મારડીયા, ટ્રસ્ટી હરસુખભાઈ પાલા, સભ્ય ભાર્ગવભાઈ માંડલીયા, ભાવનાબેન કે. વૈષ્નવ, કિરણબેન ઉનડકટ વગેરે જહેમત ઉઠાવી હતી.

# જૂનાગઢમાં દેશભકિત હિન્દી સોંગ કરાઓકે સિંગિંગ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવ્યું

જૂનાગઢ, તા.૧૭

દર વર્ષની જેમ આ વર્ષે પણ સ્વપ્ન યુવા વિકાસ મંડળ દ્વારા જૂનાગઢ ખાતે જૂનાગઢ અને અન્ય જિલ્લાના યુવાઓ માટે ૧૫મી ઓગસ્ટ (સ્વાતંત્રય દિન)ની ઉજવણીના ભાગરૂપે દેશભકિત હિન્દી સોંગ કરાઓકે સિંગિંગ કોમ્પીટીશનનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ૧૬ વર્ષથી ઉપરના ૬૦થી યુવાઓએ વિનામુલ્યે ભાગ લીધો હતો. મહિલા વિભાગમાં પ્રથમ ક્રમાંકે રવિના માકડીયા, બીજા ક્રમાંકે મોહિની જાની, ત્રીજા ક્રમાંકે વંદના પંડ્યા અને પુરૂષ વિભાગમાં પ્રથમ ક્રમાંકે કૃણાલ બારૈયા, બીજા જયંતીભાઈ ચૌહાણ, ત્રીજા ક્રમાંકે હિરેનગીરી ગોસાઈ વિજેતા જાહેર થયા હતા. આ કાર્યક્રમના નિર્ણાયક તરીકે પૂર્વા મહેતા તેમજ ઉર્વી પુરોહિત સેવા આપી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે જયેશભાઈ દોશી (વર્ધમાન ગ્રુપ), નિકુલભાઇ ચોકસી (જય ભવાની જ્વેલર્સ), મનસુખભાઈ વાજા (સત્યમ સેવા યુવક મંડળ), સ્વ. લીનાબેન ભટ્ટ, (સિધ્ધ મ્યુઝિકલ કરાઓકે ગ્રુપ), ડો.અમિત ભુવા (કિરણ સર્જીકલ હોસ્પિટલ), ડો.પૂજાબેન ટાંક (કોયાણી) (પ્રેરણા સ્કીન ક્લિનિક), જીગ્નેશભાઈ કડેચા (ફ્રેન્ડ્સ મ્યુઝિકલ ગ્રુપ) અને અન્ય લોકોએ આર્થિક રીતે અને અન્ય રીતે સહયોગ આપ્યો હતો. તે




બદલ સ્વપ્ન યુવા વિકાસ માટેના પ્રમુખ હર્ષદભાઈ વાજાએ બધાનો આભાર માન્યો હતો. વિજેતાઓને સિલ્ડ, ગિફ્ટ અને સર્ટીફીકેટ આપીને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા અને સ્પર્ધામાં ભાગ લેનાર દરેક સ્પર્ધકોને પ્રમાણપત્ર આપવામાં આવ્યા હતા. આ પ્રકારની અલગ અલગ કોમ્પીટીશનમાં ભાગ લેવા માટે કે વધુ માહિતી માટે અને આ પ્રકારના અન્ય કાર્યક્રમમાં જોડાવા માટે મોબાઈલ નંબર ૭૪૦૫૭ ૪૦૩૦૯ ઉપર વોટસઅપ મેસેજ કરી શકો છો અને સંસ્થાના ફેસબુક **Harshad M. Vaja, Dream.ydc** અને ઈન્સટાગ્રામ પેજ **Harshad_vaja04, swapna_ngo** ઉપરથી પણ વધુ માહિતી મેળવી શકો છો.

# વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગાંધીનગરમાં હેલ્થ ટ્રેક મીટિંગ દરમિયાન વિશેષ વર્ચ્યુઅલ સંબોધન કરશે

ગાંધીનગર તા.૧૭

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ ભારતે ૮૨૦નું પ્રમુખપદ સંભાળ્યું છે અને મહત્વપૂર્ણ વૈશ્વિક મુદ્દાઓ માટે ઉકેલો શોધીને મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી રહ્યું છે. **G20**-શેરપા ટ્રેક હેઠળ દેશભરમાં અનેક કાર્યકારી જૂથની બેઠકો યોજવામાં આવી રહી છે. ગુજરાતે વૈશ્વિક નેતાઓ વચ્ચે સહયોગી ચર્ચાઓને પ્રોત્સાહન આપીને પ્રવાસન, કુદરતી આપત્તિના જોખમમાં ઘટાડો, પર્યાવરણ અને કલાઈમેટ સસ્ટેનેબિલિટી જેવા વિષયો પર મહત્વપૂર્ણ **G20** કાર્યકારી જૂથની બેઠકોનું આયોજન કર્યું છે. રાજ્યએ ઓગસ્ટમાં 'હેલ્થ ટ્રેક મીટિંગ્સ'નું આયોજન કરીને આંતરરાષ્ટ્રીય સહકાર અને વ્યવહારિક ઉકેલો પ્રત્યેની તેની પ્રતિબદ્ધતા દર્શાવી છે.

ગાંધીનગરમાં ઓગસ્ટમાં હેલ્થ વર્કિંગ ગ્રુપની નીચે મુજબની બેઠકો યોજાશે. ૧૭ થી ૧૯ ઓગસ્ટ દરમિયાન ગાંધીનગરમાં ૪થી આરોગ્ય કાર્યકારી જૂથના ડેપ્યુટીઓ અને આરોગ્ય કાર્યકારી જૂથના મંત્રીઓની બેઠક યોજાશે. ૧૯ ઓગસ્ટે ગાંધીનગરમાં જી૨૦ સભ્ય દેશોના આરોગ્ય અને નાણા મંત્રીઓની એક સંયુક્ત બેઠક યોજાશે. આ કાર્યક્રમોમાં વિવિધ દેશોના મહત્વપૂર્ણ મહાનુભાવો ઉપસ્થિત રહેશે, જેમાં શ્રીલંકાના સ્વદેશી દવાના રાજ્યમંત્રી જે.એ. સિસિરા કુમારા જયકોડી, ડૉ. કાર્લા વિઝોટ્ટી (આર્જેન્ટિના), શ્રીમતી ડેચેન વાંગમો (ભુટાન), બાઉનફેંગ ફૌમાલયસિથ (લાઓ પીપલ્સ ડેમોક્રેટિક રિપબ્લિક), મોહન બહાદુર બસનેટ (નેપાળ), ડો. ઓડેતે મારિયા ફ્રેઈટાસ બેલો (તિમોર-લેસ્તે) સહિતના મહાનુભાવોનો સમાવેશ થાય છે.

૪થી હેલ્થ વર્કિંગ ગ્રુપ ડેપ્યુટીઓની બેઠક ૧૭ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ અને રસાયણ અને ખાતર વિભાગના મંત્રી ડૉ. મનસુખ માંડવિયા અને ભારત સરકારના આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયના સચિવ સુધાંશ પંતની ઉપસ્થિતિમાં ગાંધીનગર ખાતે શરૂ થશે. આ મીટિંગ દરમિયાન '૮૨૦ ઈન્ડિયા હેલ્થ ટ્રેક ફોકલ પોઈન્ટ, ભારત સરકાર દ્વારા આઉટકમ ડોક્યુમેન્ટનો ઓવરવ્યૂ' પણ થશે.

દિવસભર ચાલનારી આ ઈવેન્ટમાં 'ભારતના ૮૨૦ પ્રેસિડેન્સી હેલ્થ ટ્રેક ફોકલ પોઈન્ટની આગેવાની હેઠળના ડ્રાફ્ટ ડિક્લેરેશન પર લાઈવ નેગોશિયેશન્સ' દ્વારા આઉટકમ ડોક્યુમેન્ટને અંતિમ રૂપ આપવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવશે, જે બે સત્રોમાં વિભાજિત હશે. સમાપન સત્ર પછી, **WHO** ટ્રેડિશનલ મેડિસિન ગ્લોબલ સમિટ, વન અર્થ વન હેલ્થ એડવાન્ટેજ હેલ્થકેર ઈન્ડિયા ૨૦૨૩ અને ઈન્ડિયા મેડટેક એક્સ્પો ૨૦૨૩ જેવી વિવિધ થીમ પર એક એક્ઝિબિશન ટુરનું આયોજન કરવામાં આવેલ છે. ડેપ્યુટીઓ અને અન્ય પ્રતિનિધિઓ માટે વર્કિંગ ડિનર એટલે કે 'રાત્રિ ભોજ'નું આયોજન કરવામાં આવશે. મંત્રીમંડળના પ્રતિનિધિઓનુ રાત્રિ ભોજનમાં 'સાંસ્કૃતિક સંધ્યા' સાથે સ્વાગત કરવામાં આવશે.

# રાજસ્થાનમાં પવન ખેડાએ ઈશારામાં ભાવિ CMના નામનો કરી દીધો ખુલાસો! પાયલોટને ટેન્શન

જયપુર તા. ૧૭

રાજસ્થાન વિધાનસભા ચૂંટણી ૨૦૨૩ માટે કોંગ્રેસની તૈયારીઓ તેજ થઈ ગઈ છે. જો કોંગ્રેસ સત્તામાં આવશે તો મુખ્યમંત્રી કોણ બનશે. આ અંગે પાર્ટીએ સ્પષ્ટ કહ્યું છે કે જીત બાદ નિર્ણય લેવામાં આવશે. દરમિયાન, કોંગ્રેસના રાષ્ટ્રીય પ્રવક્તા પવન ખેડાએ સીએમ ચહેરાને લઈને મોટું નિવેદન આપ્યું છે, જેણે રાજકીય વર્તુળોમાં હલચલ મચાવી દીધી છે. પવન ખેડાએ મુખ્યમંત્રી અશોક ગેહલોતને મોટો ચહેરો ગણાવ્યો છે. સીએમ ગેહલોતની વકીલાત કરતા તેમણે કહ્યું કે ગેહલોત અમારા લોકપ્રિય નેતા છે. ત્યારે આવી સ્થિતિમાં ચોથી વખત પણ તેમના મુખ્યમંત્રીના નારાનો ઉપયોગ થશે. ખેરાએ કહ્યું કે ગેહલોત એટલો લોકપ્રિય નેતા છે કે તેમના વિશે કોઈ પ્રશ્ન ન થવો જોઈએ. જયપુરમાં પ્રેસ કોન્ફરન્સ દરમિયાન પવન ખેડાને સીએમ ચહેરા અંગે સવાલ કરવામાં આવ્યો હતો. આ અંગે તેમણે કહ્યું કે હા, મુખ્યમંત્રી બેઠા છે, તેમના ચહેરા પર આવા કોઈ પ્રશ્નો નથી હોતા. જ્યારે આપણે વિપક્ષમાં બેઠા હોઈએ છીએ ત્યારે ચહેરાના પ્રશ્નો ઉભા થાય છે. જ્યારે આપણે અહીં સત્તામાં બેઠા છીએ, સરકાર છે, પીસીસી અધ્યક્ષ તમારી સામે છે, ગેહલોત જીનો ચહેરો તમારી સામે છે અને નેતાને ચૂંટવાની અમારી પ્રક્રિયા છે, એવામાં કોઈ સવાલ ઉભો ન થવો જોઈએ. પ્રેસ કોન્ફરન્સ દરમિયાન પવન ખેડાએ દાવો કર્યો હતો કે વિધાનસભાની ચૂંટણીમાં કોંગ્રેસની સરકારનું પુનરાવર્તન થશે. તેમણે કહ્યું કે રાજસ્થાનમાં એકવાર ભાજપ અને એકવાર કોંગ્રેસની સરકાર આવે છે તે વાત સાચી છે. પરંતુ આ વખતે ગેહલોત સરકારની યોજનાઓને લઈને લોકોમાં સંતોષ જોવા મળી રહ્યો છે. આ પછી અમને પૂરો વિશ્વાસ છે કે કોંગ્રેસની સરકાર ફરી આવશે અને વર્ષોથી ચાલી આવતી આ પરંપરાને તોડીને કોંગ્રેસ ફરીથી સરકાર બનાવશે. પવન ખેડાએ પીએમ નરેન્દ્ર મોદી પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે સંસદની કાર્યવાહીમાં વડાપ્રધાનનું ૨ કલાક ૧૩ મિનિટનું ભાષણ હાસ્ય અને કટાક્ષથી ભરેલું હતું.

આઝાદી નો અમૃત મહોત્સવ




# વૈશ્વિક આરોગ્ય માટેની જરૂરિયાતો અને વિષમતાઓ અંગે ચર્ચા



G20 પ્રતિનિધિઓનું ગુજરાતમાં સ્વાગત છે

# હેલ્થ વર્કિંગ ગ્રૂપ ડેપ્યુટિઝ અને મિનિસ્ટર્સની ચોથી મીટિંગ

**17 - 19 ઓગસ્ટ, 2023**

**મહાત્મા મંદિર, ગાંધીનગર, ગુજરાત**

## ડૉ. મનસુખભાઈ માંડવિયા

માનનીય કેન્દ્રીય મંત્રી, આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય તથા રસાયણ અને ખાતર, ભારત સરકાર

અને

## શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ

માનનીય મુખ્યમંત્રી, ગુજરાત

*ઉદ્ઘાટન કરશે*

- WHO ટ્રેડિશનલ મેડિસિન ગ્લોબલ સમિટ
- વન અર્થ વન હેલ્થ એડ્વાન્ટેજ હેલ્થકેર ઇન્ડિયા 2023
- ઇન્ડિયા મેડટેક એક્સ્પો 2023

### પ્રતિનિધિ મંડળ દ્વારા પર્યટન સ્થળની મુલાકાત

- હોટેલ્સમાં ધ્યાન અને યોગ સત્ર
- દાંડી કુટિર
  રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના જીવન અને તેમની વિચારધારાને ઉજાગર કરતા સોલ્ટ માઉન્ડ આકારના સંગ્રહાલયની મુલાકાત

g20gujarat g20_gujarat

### મુખ્ય કાર્યક્રમો

17 ઓગસ્ટ

**હેલ્થ વર્કિંગ ગ્રૂપ ડેપ્યુટિઝ મીટિંગ**

ભારતના G20 પ્રેસિડેન્સી હેલ્થ ટ્રેક ફોકલ પોઇન્ટના નેતૃત્વમાં મુસદ્દાની ઘોષણા પર ચર્ચા અને પરિણામી દસ્તાવેજને અંતિમ સ્વરૂપ અપાશે

18-19 ઓગસ્ટ

**હેલ્થ વર્કિંગ ગ્રૂપ મિનિસ્ટર્સ મીટિંગ**

18 ઓગસ્ટ

**ભારતના માનનીય વડાપ્રધાન**

**શ્રી નરેન્દ્રભાઇ મોદીનું**

ખાસ સંબોધન (વર્ચ્યુઅલી)

આરોગ્ય ક્ષેત્રે કટોકટીની સ્થિતિમાં નિવારણ, સજ્જતા અને પ્રતિસાદ (આરોગ્ય અને AMR પર ધ્યાન કેન્દ્રિત કરાશે)

WHO ટ્રેડિશનલ મેડિસિન ગ્લોબલ સમિટ સાથે પેનલ ચર્ચા

વન અર્થ વન હેલ્થ એડવાન્ટેજ હેલ્થકેર ઇન્ડિયા 2023 સાથે પેનલ ચર્ચા

સલામત, અસરકારક, ગુણવત્તાયુક્ત અને કિફાયતી દવાઓ —VTDs (રસી, ઉપચાર અને નિદાન)ની ઉપલબ્ધતા પર ધ્યાન કેન્દ્રિત કરીને ફાર્માસ્યુટિકલ સેક્ટરમાં સહયોગને વધુ મજબૂત કરવો

ડિજિટલ હેલ્થ ઇનોવેશન અને સોલ્યુશન્સથી યુનિવર્સલ હેલ્થ કવરેજ અને સ્વાસ્થ્ય સેવાઓ પહોંચાડવામાં સુધારો કરવો

19 ઓગસ્ટ

**નાણાં અને આરોગ્ય મંત્રીઓની સંયુક્ત બેઠક**

માનનીય નાણાં મંત્રીઓ વર્ચ્યુઅલ રીતે જોડાશે;
માનનીય આરોગ્ય મંત્રીઓ વ્યક્તિગત રીતે જોડાશે

# આજથી એક મહિનો જૂનાગઢ શિવમય બનશે

## જૂનાગઢ શહેર અને ભવનાથ ક્ષેત્રમાં આવેલા તમામ શિવાલયોમાં ભાવિકોની ઉમટશે ભીડ



જૂનાગઢ તા.૧૭

દેવોના દેવ એવા મહાદેવના પાવન પવિત્ર શ્રાવણ માસનો આજથી પ્રારંભ થયો છે. હવે સતત એક મહિનો સુધી સમગ્ર જૂનાગઢના નગરજનો શિવમય બની રહેશે. જૂનાગઢ શહેર ઉપરાંત ભવનાથ ક્ષેત્રમાં આવેલ તમામ શિવાલયોમાં ભાવિકોની ભીડ ઉમટશે. ચારેતરફ હર હર મહાદેવ હરના નાદ ગુંજી ઉઠશે. ઠેર ઠેર પૂજા અર્ચના, મહા આરતી, વિવિધ પ્રકારના શણગારથી શિવજીને રિઝવવાનો ભાવિકો પ્રયાસ કરશે. તમામ શિવાલયોને ગઈકાલ રાતથી જ વિવિધ રોશનીઓથી ઝળહળતા કરવામાં આવ્યા છે પરિણામે શિવાલયોની સુંદરતામાં વધારો થયો છે સાથે ભાવિકોની આસ્થામાં પણ વધારો થયો છે.

પાવન પુરૂષોતમ માસ-અધિક માસની ગઈકાલે પુર્ણાહુતી થઈ છે. સાથે જ આજથી દેવોના દેવ મહાદેવ શિવજીના પ્રિય એવા શ્રાવણ માસની શરૂઆત થઈ છે. જેના કારણે શિવભકતોમાં ભકિતની હેલી ચડી છે. વહેલી સવારથી જ તમામ શિવાલયો ઓમ નમઃશિવાય, હર હર મહાદેવના નાદથી ગુંજી ઉઠયા છે. શિવભકતો શુધ્ધ જળ, દુધ, દહીં, ઘી, મધ, શેરડીનો રસ, સહીતના અનેક સુગંધીત દ્રવ્યોથી શિવલીંગ ઉપર અભિષેક કરી રહ્યા છે. જૂનાગઢના ભૂતનાથ મહાદેવ, મંગલધામ વિસ્તારમાં આવેલ મંગલેશ્વર મહાદેવ, દિપાંજલીમાં આવેલ ઓમકારેશ્વર મહાદેવ, ઝાંઝરડામાં આવેલ સિધ્ધનાથ મહાદેવ, માંગનાથ વિસ્તારમાં આવેલ માંગનાથ મહાદેવ, ઉપરાંત જવાહર રોડ સ્થિત સ્વામી નારાયણ સુવર્ણ શિખર મુખ્ય મંદીર ખાતે બિરાજમાન સિધ્ધેશ્વર મહાદેવ તેમજ ભવનાથમાં આવેલ ભવનાથ મહાદેવ મંદિર ખાતે આજે વહેલી સવારથી જ ભાવિકો દર્શન માટે ઉમટી રહ્યા છે. તમામ મંદિરોને રોશનીથી ઝળહળતા કરવામાં આવ્યા છે. હવે એક મહિના સુધી મંદિરોમાં વિવિધ પ્રકારની પૂજા અર્ચના તેમજ વિવિધ શણગારો કરવામાં આવશે. એક મહિના સુધી તમામ શિવાલયોમાં ભાવિકોની સતત ભીડ જોવા મળી રહેશે. સતત એક મહીના સુધી પુજા અર્ચના થશે પરંતુ ખાસ કરીને સોમવારે વિશેષ શણગાર કરવામાં આવતો હોય જેના દર્શન માટે મોટી સંખ્યામાં ભાવિકો ઉમટી પડશે. શ્રાવણ માસમાં મોટા ભાગે ભાવિકો એકટાણા કે ઉપવાસ કરતા હોય છે. જેના કારણે ફળોના વેંચાણમાં વધારો થશે. સાથે ફરાળી વાનગીઓની વસ્તુઓનું વેંચાણ વધશે આમ એક મહિના સુધી તમામ જીવ શિવમય બની રહેશે.

# સરદાર પટેલ એજયુકેશન ટ્રસ્ટમાં ગોટાળાથી શૈક્ષણીક જગતમાં ખળભળાટ

## લેઉવા પટેલ સમાજના રૂપિયાથી પ્રાઈવેટ ટ્રસ્ટ ઉભુ કરી મોટા કૌભાંડો કરવામાં આવ્યા છે

જૂનાગઢ તા.૧૭

જૂનાગઢના સરદાપરામાં આવેલા સરદાર પટેલ એજયુકેશન ટ્રસ્ટની ગ્રાન્ટેડ શૈક્ષણીક સંસ્થાઓમાં આર્થિક ગોલમાલ મામલે અગાઉ આક્ષેપબાજી થયા બાદ આ મામલો હવે ચેરીટી કમીશ્નર સુધી પહોંચી ગયો છે. ચેરીટી કમિશ્નરે આ આક્ષેપો અને ગેરરીતીની તપાસ માટે તપાસનીશ નિરીક્ષકની નિમણુંક કરી છે અને તમામ ટ્રસ્ટની કચેરી ખાતે જ હાજર રહેવા તાકીદ કરી છે.

જૂનાગઢના જોશીપરામાં આવેલા સરદાર પટેલ એજયુકેશન ટ્રસ્ટોના વહીવટમાં ગ્રાન્ટેડ સ્કુલના વહીવટમાં લાખો રૂપિયાની ગોલમાલ અંગે ભરતભાઈ બાબુભાઈ સીદપરાએ ચેરીટી કમિશ્નરમાં ફરીયાદ કરી હતી. જેના અનુસંધાને જુનાગઢના મદદનીશ ચેરીટી કમીશ્નરની કચેરી દ્વારા આજ તા.૧૭ ઓગષ્ટના રોજ સવારે ૧૧ વાગ્યે તમામ ટ્રસ્ટીઓને ટ્રસ્ટની કચેરી ખાતે હાજર રહેવાની નોટીસ આપવામાં આવી છે. નોટીસમાં હાજર રહેવા માટેનું સ્થળ જૂનાગઢના સરદારપરામાં આવેલ સરદાર પટેલ એજયુકેશન ટ્રસ્ટનું સ્થળ દર્શાવાયું છે.

દરમ્યાન એક અગ્રણીએ જણાવ્યુંહતું કે લેઉવા પટેલ સમાજના રૂપિયાથી પ્રાઈવેટ ટ્રસ્ટ ઉભુ કરાયું છે. અને એરીતે મસમોટા આર્થિક કૌભાંડો કરવામાં આવ્યા છે. સેલફાયનાન્સમાં આવક નહોવા છતાં સાત લાખની બેલેન્સ બતાવાય છે. ઉપરાંત ડીવાયએસપી જેવા અધિકારીઓને પણ ટ્રસ્ટમાં રખાયા છે જેથી ઢાંકપીછોડો થઈ શકે.

**સમાજના ગરીબ દીકરા દીકરી શિક્ષણથી વંચિત**

સરદાર પટેલ એજયુકેશન ટ્રસ્ટમાં ચાલતા ગોલમાલના કારણે જૂનાગઢના શૈક્ષણીક ક્ષેત્રમાં ખળભળાટ મચી ગયો છે. વર્ષો જુની આ સંસ્થામાં ભયંકર આર્થિક ગોટાળા સામે આવતા ચકચાર મચી જવા પામી છે. દરમ્યાન આ અંગે લેઉવા પટેલ સમાજના આગેવાનો કરશનભાઈ ધડુક, જેરામભાઈ, અનિલભાઈ પટોળીયા અને સવજીભાઈ સાવલીયાએ લોકોને જણાવ્યું હતું કે સરદાર પટેલ એજયુકેશન ટ્રસ્ટ છેલ્લા ઘણા વર્ષોથી સેલ્ફ ફાઈનાન્સને વધુ મહત્વ આપી રહી છે. સંસ્થાના આવા વલણના કારણે પટેલ સમાજની સાથે અન્ય સમાજના ગરીબ દીકરા અને દીકરીઓ હોંશિયાર હોવા છતાં સારૂ શિક્ષણ મેળવવાથી વંચિત રહી ગયા છે. સાથે આવા ગરીબ પરિવારને પોતાના સંતાનોને ભણાવવા માટે ખુબ મોટુ આર્થિક નુકશાન ભોગવવું પડયું છે જેના કારણે સમાજમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. ત્યારે આ બનાવમાં જે કોઈ પણ જવાબદાર હોય તે તમામ સામે નિષપક્ષ અને ન્યાયી તપાસ થવી જોઈએ.


ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બાસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો ઉપલબ્ધ

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે. (અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી જરૂરી)
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨


# શ્રાવણ માસમાં ૧૧ દિવસ સુધી માર્કેટીંગ યાર્ડ બંધ રહેશે

## શ્રાવણ માસના દરેક સોમવાર, રક્ષાબંધન, સાતમ આઠમના તહેવારને લઈને રજા પાળશે

જૂનાગઢ તા.૧૭

પવિત્ર શ્રાવણ માસનો આજથી પ્રારંભ થયો છે. શ્રાવણ માસમાં અનેક તહેવારો આવતા હોય જેના કારણે રજાનું પ્રમાણ અન્ય મહીના કરતા વધી જતું હોય છે. દરમ્યાન જૂનાગઢ માર્કેટીંગ યાર્ડ શ્રાવણ માસમાં ૧૧ દિવસ સુધી બંધ રહેશે. ખાસ કરીને શ્રાવણના ચાર સોમવાર, સાતમ આઠમ, રક્ષાબંધન વગેરે તહેવારને લઈ માર્કેટીંગ યાર્ડ રજા પાળતું હોય. આ દિવસોમાં હરરાજીના કામકાજ બંધ રહેશે જેની ખેડુતોઅને વેપારીઓને નોંધ લેવા જણાવાયું છે આ અંગે શ્રી ખેતીવાડી ઉત્પન બજાર સમિતિ જૂનાગઢના સેકેટરી દિવ્યેશભાઈ ગજેરાએ જણાવ્યું હતું કે પવિત્ર શ્રાવણ માસને લઈને જૂનાગઢ માર્કેટીંગ યાર્ડ ૧૧ દિવસ સુધી બંધ રહેશે.

આ દિવસોમાં રજાના કારણે હરરાજીના કામકાજો બંધ રહેશે. ૧૧ દિવસની રજામાં ૨૧ ઓગષ્ટ સોમવાર, ૨૮ ઓગષ્ટ સોમવાર, ૩૦ ઓગષ્ટ રક્ષાબંધન, ૪ સપ્ટેમ્બર સોમવાર, તેમજ ૫ સપ્ટેમ્બરથી ૯ સપ્ટેમ્બર સુધીના પાંચ દિવસમાં રાંધણછઠ, શિતળા સાતમ, જન્માષ્ટમી, નોમ, અને દસમના દિવસે યાર્ડ બંધ રહેશે. આ ઉપરાંત ૧૧ સપ્ટેમ્બર શ્રાવણના અંતિમ સોમવાર અને ૧૫ ઓગષ્ટ ભાદરવી અમાસના દિવસ મળી કુલ ૧૧ દિવસ સુધી યાર્ડ બંધ રહેશે. જેની તમામ વેપારી ભાઈઓ અને ખેડુતોએ નોંધ લેવી.

# જૂનાગઢ : સ્વયંભુ શ્રી ભુતનાથ મહાદેવ મંદિર ખાતે લાઈટીંગ સિસ્ટમનો લોકાર્પણ કાર્યક્રમ યોજાશે

(પ્રતિનિધી દ્વારા)

જૂનાગઢ તા.૧૭

ભારતના પ્રાચીન શહેરોમાંનું એક શહેર એટલે જૂનાગઢ મહાનગર, જૂનાગઢ શહેરનું અતિપ્રાચીન સ્વયંભુ મહાદેવ મંદિર કે જે જૂનાગઢ શહેરના મધ્યમાં આવેલ છે તે ભુતનાથ મહાદેવ મંદિર છે.

પવિત્ર શ્રાવણ માસના પ્રથમ દિવસે આજે સાંજે ૬-૩૦ કલાકે જૂનાગઢના જીલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસીયાના વરદ હસ્તે સ્વયંભુ શ્રી ભુતનાથ મહાદેવ મંદિરના લાઈટીંગ સિસ્ટમનું લોકાર્પણ થશે. આ સાથે વિશેષ ઉપસ્થિતી રેન્જ આઈજી નિલેશભાઈ જાજડીયા તથા શ્રી ભૂતનાથ મહાદેવ મંદિર ટ્રસ્ટના ટ્રસ્ટીઓ પણ ઉપસ્થિત રહેશે. આ શુભ પ્રસંગે શહેરીજનોને ઉપસ્થિત રહેવા સ્વયંભુ શ્રી ભુતનાથ મહાદેવ મંદિર ટ્રસ્ટના મહંત મહેશગીરીજીએ નિમંત્રણ પાઠવેલ છે.


બંગ્લોઝ વેચવાનો છે
ગોલ્ડન સીટી-૩, કવમ બંગ્લોઝ, ૧૦૬ વાર ડુપ્લેક્ષ, 3BHK ડાઈનીંગ, ફલેટ 2BHK ડાઈનીંગ, નોબલ ટાવર નહેરૂપાર્ક,
દલાલભાઈ આવકાર્ય
મો. ૯૩૨૭૫ ૮૯૪૨૦

શોરૂમ લાયક વેચાવ છે / વેચવાની છે
એમ.જી. રોડ, દિપમંદિર કોમ્પ્લેક્ષ, ૨૨૫ સ્કવેર ફુટ જગ્યા વેચાવ છે તેમજ અભિષેક કોમ્પ્લેક્ષ, બીજા માળે, બે શટરવાળી દુકાન ૧૬૦ ફુટ જગ્યા વેચવાની છે.
સંપર્ક : મો. ૯૯૦૯૫ ૬૮૦૬૮

દરેક ધંધાને માટે શોરૂમ લાયક જગ્યા વેંચવાની છે
પંચહાટડી ચોક, માંગનાથ રોડ વિસ્તારમાં જવેલરી, રેડીમેઈડ, સાડી તથા દરેક ધંધાને માટે શોરૂમ લાયક જગ્યા ૧૪૦૦ સ્કેવર ફુટ વેંચવાની છે
મો. ૯૪૨૯૪ ૨૬૩૧૨

મોબાઈલ... મોબાઈલ..
પ્રી-પેઈડ કાર્ડ, પોસ્ટપેઈડ કનેકશન, રીચાર્જ કુપન તેમજ દરેક કંપનીનાં મોબાઈલ, બેટરી, ચાર્જર, કવર વગેરે એસેસરીઝ માટે સંપર્ક
શ્રી જલારામ ટેલીકોમ
વણઝારી ચોક, જૂનાગઢ
મો. ૯૮૨૫૪ ૬૧૧૦૦

શ્રીનાથજી યાત્રા સંઘ
રેલ્વેમાં ચંપારણ, જગન્નાથપુરી, કલકતા (સીટી દર્શન), ગંગાસાગર, કૌનોક, ભુવનેશ્વર, સાક્ષી ગોપાલ, ચંદ્રભાગા બીચ, ધવલગીરી હીલ સ્ટેશન ઉપડશે સપ્ટેમ્બર, ઓકટોબર રેલ્વે બુકીંગ ચાલુ છે.
: કોન્ટેક :
સુરેશભાઈ મજીઠીયા
મો. ૯૪૨૬૦ ૫૧૮૭૮

દક્ષિણ ભારત બૈઠક યાત્રા
દિપાવલી સ્પેશ્યલ તિરૂપતિ (બૈઠકજી), વિષ્ણુકાંચી બૈઠકજી, શ્રી રંગમ બૈઠકજી, કોડાઈ કોનાલ (હિલ સ્ટેશન), રામેશ્વર (બૈઠકજી અને જયોર્તિલીંગ દર્શન), વરકલા બૈઠકજી
: કોન્ટેક :
સુરેશભાઈ મજીઠીયા
મો. ૯૪૨૬૦ ૫૧૮૭૮

દર બુધવારે અને શનિવારે પ્રસિદ્ધ થાય છે
સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક
• ટચૂકડી જાહેર ખબર •
જેઈલ રોડ, જૂનાગઢ ફોન : ૨૬૨૧૦૦૦, ૨૬૨૨૬૫૦
આ જાહેરાત ફકત રોકડેથી જ ફીકસ દરે સ્વીકારવામાં આવે છે

ભગંદર, હરસ-મસા, ફિશર સ્ત્રી રોગ અને ઈનફર્ટીલીટી સારવાર
આયુર્વેદ-પંચકર્મ દ્વારા નવા-જૂના રોગોની સારવાર
અગ્નિકર્મ-ક્ષારસુત્ર-ગર્ભસંસ્કાર
બાળકો માટે સુવર્ણપ્રાશન
વ્યસનમુક્તિ સારવાર
ડો. શ્રેયસ જી. ભાલોડિયા
M.S. (Ayurved) Shalya
જુનાગઢ : સોમ-શુક્ર-શનિવાર
રાજકોટ : મંગળ-બુધ-ગુરૂવાર
રાજકોટ માટે ફોન પર એપોઈન્ટમેન્ટ લેવી
ૐ આયુર્વેદ હોસ્પિટલ
પ્લેટીનમ-૨, ત્રીજો માળ, યસ બેંક ઉપર, એસ.ટી. કોલોની સામે, કોલેજ રોડ, મોતીબાગ, જૂનાગઢ. ફોન : (૦૨૮૫) ૨૬૭૪૪૨૨
મો. ૭૮૭૮૧ ૫૧૨૧૫
Aum Ayurved Hospital e_mail : aum.ayurved.hospital@gmail.com


ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એક્સચેંન્જ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
ઘરઘંટી ૮૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેક્ટ્રોનિકસ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
0% ફાઈનાન્સ 0% ડોક્યુમેન્ટ ચાર્જ
જે.પી. ચોટાઈ કોમ્પલેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.

વૈદ્ય. મુકેશ આર. વારસુર
Vaidya Visharad, C.A.K.S., Ayurveda & Panchkarma, C.I.N.
95869 60167
ધન્વંતરી આયુર્વેદ & પંચકર્મ હેલ્થ સેન્ટર
હરસ-મસા-ફિશર-ભગંદરનું ઓપરેશન વગર આયુર્વેદ ચિકિત્સા ધ્વારા સારવાર
વા-સાંધાના-સ્નાયુના દુઃખાવા, વેરીકોઝવેન, પેટના રોગ, ચામડીનાં રોગો, પ્રોસ્ટેટ, પથરી, સેકસ સમસ્યા, સ્ત્રી રોગ, શ્વાસ, શરદી, એલર્જી વગેરે અસાધ્ય રોગોની સારવાર...
સમય : સવારે ૧૦થી ૧:૩૦, સાંજે ૫:૩૦થી ૮:૩૦ સુધી
આગાખાન હોસ્ટેલ, પહેલા માળે, ગાયત્રી ઝેરોક્ષ ઉપર, ભુતનાથ રોડ, જૂનાગઢ

પાર્સલ સેવા આપવામાં આવશે
રાજ ડાયનીંગ હોલ
- સંપૂર્ણ ગુજરાતી કાઠીયાવાડી થાળી
- જૂનાગઢ શહેરના હદયસમા કાળવા ચોકમાં
- આપના શુભ પ્રસંગે પાર્ટી ઓર્ડર આવકાર્ય છે.

દર રવિવારે ગુજરાતી થાળીમાં સ્પે. પંજાબી શાક તેમજ ઉંધીયુ મળશે.
રાજ ડાયનીંગ હોલ
કાળવા ચોક, જૂનાગઢ.

દિપક ફટાકડા સેન્ટર
લગ્ન તથા શુભ પ્રસંગે અવનવી વેરાયટીમાં ફટાકડા મેળવવા માટે તેમજ સ્ટેશનરીનો સામાન મળશે
દિપક ફટાકડા સેન્ટર
C/o. દિપક સ્ટેશનરી, આઝાદ ચોક, જુનાગઢ.
ફોન: ૨૬૫૨૬૧૨

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક ટચૂકડી વિભાગમાં જાહેરાત આપવા આજે સંપર્ક સાધવો

ધીરૂભાઈ જે. સોની
નવો નંબર નોંધી લેશો
મો. ૬૩૫૯૮ ૧૨૮૨૩
વોટસએપ નં. ૬૩૫૯૮ ૧૨૮૨૩
કોઈપણ પ્રકારની જાહેરાત માટે જ સંપર્ક સાધવો

ન્યુ બોમ્બે ઈલે.
દરેક કંપનીની ડીશ અને રીચાર્જ માટે મળો.
મો. ૯૩૭૫૫ ૫૨૦૫૫

૫૦ વર્ષથી પ્રખ્યાત નામ
વિજય ઘી ડીપો
ગેરંટી સાથે ભેંસનું તથા ગાયનું ૧૦૦ ટકા શુધ્ધ ઘી મળશે
વિજય ઘી ડીપો
ડબાગલી, નાની શાકમાર્કેટ, જૂનાગઢ
આથી ગ્રાહકજનોને અમારા નવા મોબાઈલ નંબર નોંધી લેશો
મો. ૭૨૦૨૦ ૨૫૧૨૩

વિનય એન. પ્રજાપતિ મો.૯૮૨૪૩ ૮૧૫૦૦
મનિષ એન. પ્રજાપતિ મો.૯૯૨૪૩ ૮૧૫૦૦
પંકજ એન. પ્રજાપતિ મો.૯૮૨૪૪ ૮૧૫૦૦
''સ્વાદનો એવો જાદુ જાગાવે, વારંવાર મન લલચાવે''
: સુભાષ :
પાણીપુરી
એમ.જી. રોડ, યુ.કો. બેન્ક સામે, જૂનાગઢ
સિધ્ધાર્થ કોમ્પલેક્ષ, માંગનાથ રોડ, જૂનાગઢ
એસ.ટી. રોડ, હોટલ વૈભવ પાસે, જૂનાગઢ

માણસો જોઈએ છે
બેકરી શો રૂમમાં કામ કરી શકે તેવા માણસોની જરૂર છે
વંદના બેકરી
તળાવ સ્ટ્રીટ
મો. ૮૩૨૦૧ ૫૨૭૫૨
નારાયણ બેકરી
સુખનાથ ચોક જૂનાગઢ
મો. ૯૮૨૪૦ ૦૨૩૫૩

અમારે ત્યાંથી ગરમા ગરમ પ્યોર ચણાનાં લોટનાં ગરમા ગરમ ગાઠીયા જલેબી ચીપ્સ સવારે તથા સાંજે મળશે
જય વાઘેશ્વરી ગાઠીયા સેન્ટર
વણઝારી ચોક, ડબાગલીના નાકે, કષ્ટભંજન હનુમાન મંદિર સામે, જૂનાગઢ